# મારી ધારણા મુજબ અનાવિલ સમાજ

**– મહાદેવ દેસાઈ**

અમિત દેસાઈના 'ઉજાસ' મેગેઝીન અનાવિલ ૯ વિશેષાંક માંથી

તા. ૦૯-૦૧-૦૪ના રોજ સુરત મર્કન્ટાઇલ બેંકની ભાઠેના શાખામાં શાખા મનેજર તરીકે મહાદેવ ધીરૂભાઈ દેસાઈ ફરજ બજાવતા હતા. એ સમયે બપોરે ૧૨ કલાસ સશસ્ત્ર ધાડપાડુઓ દ્વાર બેંક લુટવા માટે કરવામાં આવેલ પ્રયાસને સમય સુચકતા, હિંમત દાખવીને તમામ સ્ટાફની મદદથી બેંક લૂંટવાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

દેસાઈ માટે એવી માન્યતા કે દેસાઈ લોકોમાં ડર અને ભય હોતા નથી. બીજી માન્યતા કે દેસાઈ લોકો 'કાયદાની ચોપડી' હોય છે. દરેકના નામ પ્રમાણે ગુણ હોવા જોઈએ. તેમ અટકમાં પણ ગુણ હોવા જોઈએ જે ગુણ દેસાઈ સમાજમાં છે. અંગ્રેજીમાં દેસાઈની સ્પેલીંગ DESAI થાય જેના છેલ્લા ત્રણ શબ્દો જાઈ઼ થાય છે મતલબ કે જેની અટક પાછ સાંઈ શબ્દ હોય, સાંઈરૂપી ભગવાન હોય જેને ભગવાનનું પીઠબળ હોય જેમ જે પાંડવોની પાછળ શ્રી કૃષ્ણ ભગક્ષાન હતા તેમ દેસાઈ સમાજ પાછળ સાંઈરૂપી ભગવાન હોય જેથી ડર, ભય રાખતા નથી. હવે SAI શબ્દને પલટાવી એટલે IAS થાય. IAS કલેકટર હોય, કમિશ્નર હોય જેને તમામ કાયદાઓનું જ્ઞાન હોય છે. તેમ દેસાઈ પણ તમામ કાયદાનાં જાણકાર હોય છે. જે ભગવાને આપેલ કુદરતી બક્ષીસ છે. આમ અટક પ્રમાણેના ગુણ દેસાઈઓ ધરાવે છે.

અનાવિલ સમાજનું શિક્ષણ ક્ષેત્રે સામાજિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે મોટુ યોગદાન છે. તમામ કોમને સાથે લઈને ચાલવાની બાવતાવાળો દેસાઈ સમાજ છે. દેસાઈ માને છે કે સત્તા હાસલ કરતા, 'સિંહાસન બર બેઠના સીર્ફ મકસદ નહીં હોના ચાહીએ સભી સમાજ કો સાથ લેકર ચલના ચાહીએ' આ ભાવના દેસાઈઓમાં હોય છે. જેના હું દાખલા રજુ કરીશ. શિક્ષણક્ષેત્રે આ સમાજનું આગવું સ્થાન છે. મોટે ભાગેની સ્કૂલોમાં, કોલેજોમાં, દેસાઈ શિક્ષક હોય, પ્રિન્સપાલ હોય કે પ્રોફેસર હોય તે સ્કૂલ , કોલેજનું રિઝલ્ટ અસરકારક હોય છે. એવું કહેવાય કે દેસાઈઓ જે ક્ષેત્રમાં માસ્તરી ધરાવતા હોય તે ક્ષેત્રમાં કોઈપણ દિવસ કોઈપણ સોદો કરતા નથી. હું ફેબ્રુઆરી ૨૦૦૭માં અમેરિકા ગયો હતો. આ સમયે સ્વ. ધીરુભાઈ પણ અમેરિકા આવ્યા હતા. 'અમેરિકામાં જયોતિષનો જેઓ ધંધો કરે છે. એમનો ચાર્જ વધુ હોય છે અને એમની મોટી જાહેરાત પણ ટીવી ઉપર આવે છે પણ ધીરુકાકાએ વીના મૂલ્યે અમેરિકાવાસીઓને જયોતિષને લગતું માર્ગદર્શન પૂરું પાડયું હતું. જેનો હું સાક્ષી છું. બીજો દાખલો 'ઉજાસ' મેગેઝિનનાં મુખ્ય સંચાલક અમીતભાઈ દેસાઈ, ઝૈતુનબેન દેસાઈ દ્વારા વર્ષની શરૂઆતમાં 'ઉજાસ એવોર્ડ' આપવામાં આવે છે.

જે કોઈપણ સમાજના હોય, સારી કામગીરી બદલ તમામ કોમને પ્રોત્સાહન પુરૂ પાડનાર ઉજાસ મેગેઝિન છે. જે કામગીરી કોઈ મેગેઝિન કરતું નથી. જે કામગીરી ઉજાસ મેગેઝિન સંચાલકો અમીતભાઈ દેસાઈ, ઝૈતુનબેન દેસાઈ કરે છે જે ખરેખર અભિનંદનને પાત્ર છે.

રાજકીય ક્ષેત્રે પણ આ સમાજમાં મહાન વિભૂતીઓ થઈ ગઈ છે. શ્રી મોરારજીભાઈ દેસાઈ, મહાદેવભાઈ દેસાઈ ટ્રેનમાં મુસાફરી કરતા હતા તે

પાના નં. ૩૩ ઉપર

# અનાવિલ એટલે... અનલીમીટેડ વીલપાવર

– પ્રો. અતુલ કે. દેસાઈ

અમિત 'ઉજાસ' મેગેઝીનના અનાવિલ '૯' વિશેષાંકમાંથી

હવે પછીના ૧૦ વર્ષમાં યુવાનોને મીડિયા કોમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિકસ, મિકેનિકલ, સિવિલ, મેડિકલ, ઈ-કોમર્સ વગેરે ક્ષેત્રમાં તકો મળી શકશે. રીસર્ચના ક્ષેત્રે આપણો દેશ ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે.

અનાવિલો એટલે કે, 'અનલિમિટેડ વીલપાવર' વાળી જ્ઞાતિની પ્રાઈવેટ લિમિટેડ કંપનીની વાત કરવા જઈ રહ્યો છું. સૌથી આનંદદાયક વાત એ છે કે જયારે જ્ઞાતિ માટે ગર્વમેન્ટ જોબના દ્વાર બંધ થયા છે. ત્યારે આપણી 'પ્રાઈવેટ લીમીટેડ કંપની' માટે ગ્લોબલાઈઝેશનને કારણે સારી મલ્ટીનેશનલ કંપનીના દ્વારા ખોલી રહ્યા છે. દેસાઈ એટલે દે-સાંઈ કહેનાર એટલે કે માત્ર ભગવાન સાંઈ પાસે માંગનાર, પરંતુ કોઈપણ સંજોગોમાં કોઈ પરિસ્થિતિમાં ઘૂંટણ ન ટેકનાર જ્ઞાતિ ! જ્ઞાતિના પૂર્વ ઈતિહાસ અને વર્તમાન ખૂબ જ ઉજળો છે. વડાપ્રધાન મોરારજી દેસાઈ, ગાંધીજીના સાથી મહાદેવભાઈ દેસાઈ, બુકરપ્રાઈઝ વિજેતા કિરણ દેસાઈ, ડૉ. પ્રશુન દેસાઈ, (નાનાસા વૈજ્ઞાનિક) વગેરે...વગેરે.... જ્ઞાતિ શિસ્તપ્રિય. પૈસાનો મોહ ઓછો, કંઈ પણ મનમાં ન રાખે પરંતુ જે હોય તે સામેવાળાને રોકડું પરખાવે, બ્રાહ્મણના સંસ્કાર સાચવેલા ખરા. આ બધા ગુણને કારણે ધંધામા પ્રગતિ ઓછી કારણ કે ધંધાની બાંધછોડ વગેરે ફાવે નહી આથી અત્યાર સુધી ગર્વમેન્ટ જોબ, રેલ્વે, એલ.આઈ.સી., યુનિવર્સિટી શિક્ષણ નોકરી તેમજ ખેતીવાડીમાં ધ્યાન આપતા પરંતુ હવે જમાનો બદલાય ગયો છે. હવે ધીમી ગતિએ ધંધા તરફ વળ્યા છે, પરંતુ ખૂબ જ ઓછી વ્યકિત નામ કાઢી શકે છે. મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર ઘણા અનાવિલોને ગૌરવ અપાવે તે રીતે કાર્ય કરી રહ્યા છે. આ ઉચ્ચ હોદ્દાવાળા અનાવિલોને મારી નમ્ર વિનંતી કે ગુજરાતના ખાસ કરીને ગામડામાં રહેતા અનાવિલોને નોકરીની તક અથવા નાનો ધંધો કરી શકે તેવું માર્ગદર્શન આપે. અનાવિલોનો અતડો સ્વભાવ અને એકાંતપ્રિય સ્લભાવ કોઈપણ સંજોગોમાં વર્તમાન છોડવો રહ્યો. જ્ઞાતિના કુટુંબમાં વરસાગત ધંધો, જો હોય તો તેજ તેના વંશવારસો દ્વારા આગળ વધારી એજયુકેશન પ્રાપ્ત કરી આગળ ધપાવવો જોઈએ, નહીં કે દરેક જનરેશન શૂન્યથી પોતાની કેરિયરની શરૂઆત કરે. મારવાડી, પંજાબી જ્ઞાતિમાં પુત્રી કે પુત્ર પોતાના વારસાગત ધંધો પહેલા સંભાળે, પછી બીજા ફીલ્ડમાં માથુ મારે, અનાવિલ જ્ઞાતિએ ધંધાકીય પ્રગતિ માટે બીજી સફળ જ્ઞાતિ પાસેથી બોધપાઠ લેવો રહ્યો. હાલના ગ્લોબલાઈઝેશનના જમાનામાં આ ખૂબ જ જરૂરી છે. જ્ઞાતિમાં એજયુકેશન ખૂબ જ જરૂરી છે. પરંતુ હાલના કેટલાક વર્ષથી પુત્ર કરતા પુત્રી વધારે સારો અભ્યાસ કરતી જોવાય છે. એટલે આંતરજ્ઞાતિય લગ્ન પણ જ્ઞાતિમાં યોગ્ય મુરતિયો ન મળતા કરતી જોવાય છે. ગામડામાં ખેતીવાડીની જમીનના ભાવ વધવાથી તેમજ કેરી-ચીકુની બેઠી આવક મેળવનાર કુટુંબીઓના છોકરા અભ્યાસ પ્રત્યે બેદરકારી થયેલી જોવાય છે. આ લાંબાગાળે ખૂબ જ નુકસાનકારક સાબીત થશે. પહેલા કરતા

હાલમાં સાયન્સ, એન્જિનિયરીંગ, મેડિકલ ફીલ્ડમાં ધીરે ધીરે અનાવિલો ખૂબ જ ઓછા જોવા મળી રહ્યા છે. અનાવિલો પોતાના સંતાનોના સારા ભવિષ્ય માટે ધ્યાન આપવું. ગ્લોબલાઈઝેશનના જમાનામાં જીવવૈજ્ઞાનિક ડાર્વિંગનો સિધ્ધાંત કામ કરે છે. જે વાતાવરણને અનરૂપ હોય તેજ જીવે છે. જે જીવ એડજેસ્ટ નથી કરી શકતો તે નામશેષ થાય છે. મને ખાત્રી છે કે અનાવિલોનો 'અન લિમિટેડ વીલપાવર' અને આનુવંશિક બૌદ્ધિક ક્ષમતા જ્ઞાતિને ગ્લોબલાઈઝશનના આક્રમણ સામે આગળ વધવાની ક્ષમતા આપશે. કેટલીક વખતે અનાવિલોને દેસાઈ એટલે કે દુબળા, ભાટલા વગેરે ઉચ્ચારણો દ્વારા ઉતારી પાડવામાં આવે છે. મને પણ એક વખત કડવો અનુભવ થયેલો. કહેનાર ભાઈને મે રોકડું પરખાવેલું કે, 'હા, અમે દેસાઈ એટલે 'દુબળા', 'ભાટલા', એટલે જ અમે બધા જ્ઞાતિ બંધુઓ ભેગા થઈ 'ભાટલા' માટેનું એસ.ટી.નું રીઝર્વેશનના સામેલ થવા માટે માંગણી કરવાના છે. અમે જો 'બ્રાહ્મણ' માંથી એસ.ટી.' થઈ ગયા, તો એસ.ટી.નું શું થશે ? તેનો વિચાર કરજો ! કહેનાર ભાઈ ત્યાર પછી કોઈ દિવસ મારી સાથે આંખ મેળવીને વાત નથી કરી શકયા. સમૂહ લગ્ન જ્ઞાતિ માટે ખૂબ સારી બાબત છે. જેથી આર્થિક રીતે નબળો જ્ઞાતિબંધુ, બીજાની દેખાદેખી ન કરતા પૈસાનો બચાવ કરી શકે. ઈન્ટરનેટ પર દેસાઈ જ્ઞાતિનું 'યુનિવર્સિટી પોર્ટલ' ખૂબ જ જરૂરી છે, જેથી આંતરરાષ્ટ્રીય દરેક દેશોમાં રહેતા દેસાઈ, પોતાના જ્ઞાતિની તેમજ લગ્ન વિષયક, નોકરીની તકો, અભ્યાસ, સ્કોલરશીપ, વિધવા વિવાહ વગેરે વિષયની માહિતી ખૂબ જ જલ્દીથી મફત મેળવી શકે. અત્યારે દરેક સિટી ગામ, દેશ પ્રમાણે અનાવિલ સંગઠનો અલગ અલગ રીતે કાર્યરત છે. આ 'યુનિવર્સિટી પોટર્લ', દરેકને જોડવાનું કાર્ય કરશે. લોકમાન્ય ટીળકે ગણપતિની સ્થાપના દેશને એક કરવા માટે કરેલી તેવી રીતે આ ઈન્ટરનેટ પોર્ટલ દરેકને જોડવાનું કાર્ય કરશે. લોકમાન્ય ટીળકે ગણપતિની સ્થાપના દેશને એક કરવા કરેલી તેવી રીતે આ ઈન્ટર પોર્ટલ દરેકને જોડવાનું કામ કરશે. મરણ કે શુભપ્રસંગે વાસણ ન વહેંચતા ગામડાને ઉપયોગી સ્ટ્રીટ લાઈટ, વોટર ફીલ્ટર, બોરીંગ, પ્રાથમિક શાળાની મરામ્મત રોડનું કાર્પેટીંગ, ગામડામાં કોમ્પ્યુટર એજયુકેશનની સગવડ વગેરે કાર્ય હાથ પર લઈ શકાય. આ કાર્ય માટે હાલની યુવા પેઢી આગળ આવે. જ્ઞાતિમાં સંયુકત કુટુંબ પ્રથા આધ્યાત્મિક ઉન્નતિ, કલા રસિકતા વગેરે સારા ગુણો પહેલા કરતા વધારે જોવા મળી રહ્યાં છે. તે ખૂબ જ સારી બાબત છે. મારું ફીલ્ડ સ્ટ્રકચરલ એન્જિ. અર્થકવેક એન્જિ., ટેકનીકોલીગલ રીપોર્ટીંગ વગર છે.

હાલમાં મને સુરતના ફલાય ઓવર કોલેટ્સ બ્રીજ તેમજ ટીચકપુરા સ્કૂલની ઈન્વેસ્ટીગેશનની તક મળેલી. અમારી એસ.વી.એન.આઈ.ટી. ભારતમાં ક્રમાંકિત છે. એડમિશન બારમાં ધોરણ પછી એ.આઈ.ઈ.ઈ.ઈ. દ્વારા મળે છે. અમારી કોલેજની લાઈબ્રેરીનો બહારથી ઉપયોગ થઈ શકે છે. કોલેજની વેબસાઈટ ু.જપ્હૈ.ď.હ છે. તેમાં ડિઝીટલ લાઈબ્રેરીમાં જઈને કોઈપણ ફીલ્ડ વિષયક માહિતી મેળવી શકાય્રા છે, તેમજ કરીયર ગાઈડન્સ મેળવી શકાય છે.

હવે પછીના ૧૦ વર્ષમાં યુવાનોને મીડિયા,

પાના નં. ૮ ઉપર

# સુરેશ દેસાઈ

આખું નામ : સુરેશ શાંતિલાલ દેસાઈ
જન્મ તારીખ : ૦૫-૦૧-૧૯૪૭
જન્મ સ્થળ : આટ (જલાલપોર)
મૂળ વતન : એંધળ મોસાળ - આટ
માતા : કાંતા (કમુ)બહેન
પિતા : શાંતિલાલ દુર્લભભાઈ દેસાઈ
પત્ની : સ્વ. કોકિલાબહેન
અભ્યાસ : બી.એ. (પ્રથમ વર્ગ)
વ્યવસાય : એલ.આઈ.સી. માં વિકાસ અધિકારી (નિવૃત્ત)
હાલમાં 'પ્રિયમિત્ર' સાપ્તાહિકના તંત્રી, નવસારી જિલ્લા સિનિ. સિટીઝન ટ્રસ્ટના પ્રમુખ
'ગુજરાતમિત્ર' 'દૈનિકમાં વર્ષોથી ચર્ચાપત્રો લખે છે.
પુસ્તકો : (૧) 'આગિયાનું અજવાળું' (આત્મકથા) પ્ર.આ. ૨૦૦૦

(૨) 'અમેરિકા : સોનાની લંકા' (પ્રવાસવર્ણન) ૨૦૦૯

(૩) સંપાદન : 'આપણું નવસારી' (નવસારી ચર્ચાપત્ર સંઘ દ્વારા પ્રકાશિત)
સંપર્ક : મો. ૯૮૨૪૩ ૭૫૨૪૧ ઈ મેઈલ - જેીજિરૌંઅિસ્સૈચ્ચિસ્સૈન.ર્ઙ્ર
સરનામું : ૨૮/બી, અલકા સોસાયટી, છાપરા રોડ, નવસારી - ૩૯૬ ૪૪૫

સુરેશ દેસાઈની આત્મકથા 'આગિયાનું અજવાળુ' માંથી ■

પાના નં. ૩૯ થી ચાલુ

જવું અને સાંજે ઓટલા ઉપર બેસીને આખી દુનિયાની ફીકર કરવી એ અનાવિલોનું સામુહિક લક્ષણ છે. અનાવિલ જેવી આરામપરસ્ત (આળસુ!) જ્ઞાતિ બીજી કોઈ નથી. બડાસ મારવી અને અનાવિલ જ્ઞાતિનું સર્વસામાન્ય અપલક્ષણ છે. પાંચસો રૂપિયા હોય તો પચ્ચીસસો રૂપિયાનો ખર્ચ કરીને દેવાદાર બનવાના સંસ્કાર તો અનાવિલોને ગળથૂથીમાં જ મળતા હોય છે.

અનાવિલો સમગ્ર જ્ઞાતિ માટે ભાગ્યે જ વિચારે છે અને આ બાબતને લીધે સમગ્ર જ્ઞાતિ સતત અધોગતિ પામતી રહી છે. પાંચ દશ માણસો કોઈ રચનાત્મક કાર્ય માટે ભેગા થાય ત્યાં પણ વ્યકિતગત મહાત્વકાંક્ષા અને પદલાલસા એટલી તીવ્ર હોય છે કે કામમાં રહેલું રચનાત્મક પાસું બાજુ પર રહી જાય છે અને હુંસાતુંસી અને નામના મેળવવાની લાલસા જ મુખ્ય ધ્યેય બની રહે છે. જકકી, જીદ્દી, બડાઈખોર, મિથ્યાભિમાની, સ્વકેન્દ્રી અને આળસુ અનાવિલ જ્ઞાતિનો આર્થિક અને સામજિક ક્ષય અત્યારે તો નિશ્ચિત જ જણાય છે.દુર્ભાગ્યની વાત તો એ છે કે અનાવિલ જ્ઞાતિનું આ રીતે સામુહિક નિકંદન થઈ રહ્યું છે, ત્યારે કૌરવો તો અનેક છે પરંતુ ભીષ્મ જેવી મનોવ્યથા અનુભવવાળું કોઈ નથી. ■

---

- **જીવનની તકલીફોથી ટેવાઈ જાઓ.**
- **વિશ્વને તમારા કામથી જ મતલબ છે, વિચરોથી નહીં.**
- **તમારે જીવનમાં જે જોઈતું હોય તેને દિવસ અને કલાકોમાં વિભાજિત કરીને કામે લાગી જાઓ.**
- **પ્રયત્નો કરતા રહેવામાં કોઈ સરમ નથી.**
- **તમારી ભૂલો માટે કોઈને દોષ આપવાને બદલે તેના કારણ શોધો.**
- **તમારાં મા-બાપ તમારા ખર્ચ ઉઠાવી ઉઠાવીને થાકી ગયાં છે તે હકીકત બને તેટલું વહેલુ સમજી લો.**

# અનાવિલ જ્ઞાતિ

સુરેશ દેસાઈની આત્મકથા 'આગિયાનું અજવાળુ' માંથી

સંસ્કૃતના એક સુભાષિતમાં કહેવાયું છે કે સજ્જનો, માણસાના દુર્ગણો જોવાને બદલે એના સદ્ગુણો જ જૂએ છે, જ્યારે દુર્જનો, માણસમાં રહેલા સદ્ગુણો જોવાને બદલે એના દુર્ગુણો જ જુએ છે. જો કે માત્ર દુગુણો ભર્યા હોય એવી વ્યકિતને જોવા માટે સજ્જનોનો પામદંડ કેવો હોય છે એનો આ સુભાષિતમાં ઉલ્લેખ નથી. ખેર, માત્ર દોષો જોતા દુર્જાન કહેવડાવવાનું જોખમ વહોરીને અસંખ્ય અવગુણોથી ભરેલી મારી અનાવિલ જ્ઞાતિ વિશે મારે થોડી વાત કહેવી છે.

અનાવિલ આખાબોલા હોય છે. એની દ્રષ્ટિ ટૂંકી હોય છે. સામેની વ્યકિતને વ્યથા પહોંચાડતા એ ખચકાતો નથી. આખાબોલાપણું એ કદાચ વિચારદુર્બળતા કે વિચારશુન્યતા બહુ નજીકની માનસિક પરિસ્થિતિ છે. આ દ્રષ્ટિએ જોઈએ તો આખાબોલા કહેડાવવું એ અનાવિલોની વિચારદુર્બળતા ઉપર ઢાંકપીછોડો છે. અનાવિલો પોતાને ટેકીલી પ્રજા તરીકે ઓળખાવે છે. અનાવિલોનું ટેકીલાપણું એ બહુધા એનું મિથ્યાભિમાન છે, હું એટલે કોણ ? મારુ ખાનદાન કેવું છે ! હું ભૂખ્યો મરી જાઉં પણ મારા સ્ટેટસને યોગ્ય નહીં હોય એવું કામ હું નહીં કરું ! આવું છે અનાવિલોનું ટેકીલાપણું. આ મિથ્યાભિમાનને લીધે અનેક અનાવિલોને મેં ખુવાર થતાં જોયા છે. પોતે અનાવિલ છે, પોતાનું ખાનદાન ઘણું ઊંચું છે, અનાવિલ હોવાના લીધે પોતે અમુક કામ કે અમુક ધો નહીં કરી શકે એવી માન્યતાઓને લીધે અનેક અનાવિલ કુટુંબો બિલકુલ તારાજ થતાં મેં જોયા છે.

હું પોતે અનાવિલ હોવા છતાં, ગુજરાતની જુદીજુદી જ્ઞાતિઓમાં અનાવિલો સૌથી કનિષ્ટ જ્ઞાતિ હોવા અંગે મારા મનમાં બિલકુલ શંકા નથી. આળસ એ અનાવિલ પ્રજાનું મોટામા મોટું અપલક્ષણ છે. એક જમાનામાં નેવુ ટકા અનાવિલોનો વ્યવસાય ખેતી હતો. ખેતીને વ્યવસાય તરીકે અપનાવ્યો હોવા છતાં નવીન પ્રયોગો કરીને ખેતીમાંથી સમૃધ્ધ થવાનું અનાવિલોએ કદી વિચાર્યુ જ નહીં. ખેતમજૂરોને ભરોસે એણે ખેતીને રેઢી મૂકી દીધી. કુદરત ઉપર આધારિત કેરી અને ડાંગર જેવા પાકો ઉપર મદાર બાંધ્યા સિવાય એને કશું આવડયું જ નહીં. આર્થિક સંકડામણ ઊભી થતાં જમીનનો નાનો મોટો ટૂકડો વેચીને ગાડું ગબડાવવાની દાનત અનાવિલોની પડતી થવાનું મુખ્ય  કારણ બની રહી.

અનાવિલોની અદેખાઈ પણ ભારે ભૂંડી. પોતાના જ્ઞાતિબંધુનું સુખ એનાથી દેખ્યું ના જાય. એની એ બદબોઈ કરવા માડે. એનાથી કોઈ જ્ઞાતિબંધ્ુ ચઢિયાતો હોય તો એ સમકક્ષ થવાનું વિચારવાને બદલે એમ વિચારે કે એ નીચો પડીને પોતાના જેવો દરિદ્ર બની રહેવો જોઈએ. અનાવિલ બીજી જ્ઞાતિના હોંશિયાર માણસની ભારોભાર પ્રશંસા કરે પણ પોતાના જ્ઞાતિબંધુની હોંશિયારીની એ લવારે ચઢેલા માણસની જેમ ટીકા કરે. પૈસાપાત્ર અનાવિલમાં ગરીબ અનાવિલને મદદ કરવાની ભાવના બિલકુલ જોવાની મળે નહીં. અનાવિલ પૈસાદાર થાય એટલે એનું સ્ટેટસ અને એનો કલાસ બદલાઈ જાય. બીજા અનાવિલોને એ તુચ્છ સમજે, આમ છતાં અનાવિલો સાથે એ સંબંધો

જાળવી જ રાખે. આ સંબંધ જાળવી રાખવાનું કારણ એટલું જ કે પોતાની જાહોજલાલી, પોતાનો દોરદમામ એ પોતાના જાતિભાઈઓને બતાવી શકે. અનાવિલ પાસે થોડા પૈસા આવે એટલે એને ટ્રસ્ટ રચવાનો ઉત્સાહ જાગે. એ ગરીબ અનાવિલ વિદ્યાર્થીઓ માટે, વિધવાઓ માટે મેડીકલ રાહત માટે ટ્રસ્ટ રચી નાંખે, પણ આ ટ્રસ્ટમાંથી વર્ષ દરમ્યાન ભાગ્યે જ એકાદ અનાવિલને મદદ થઈ હોય. બસ, ટ્રસ્ટ રચ્યું એટલે પોતે જ્ઞાતિ માટે કાંઈક કર્યું છે એવા આત્મસંતોષમાં એ રાચ્યા કરે.

ગરીબ માબાપની દેખાવડી, સંસ્કારી, સુશિક્ષિત છોકરીને વહુ તરીકે સ્વીકારતાં અનાવિલ યુવાનના માબાપના અહમને ઠેસ પહોંચતી મેં જોઈ છે. માબાપનું એવું લાગે કે આ અમારા વેવાઈ-વેવણ છે એવો પરિચય કરાવવાનું થાય, કોઈવાર કોઈ મિત્ર કે સંબંધીને લઈને વેવાઈને ઘરે જવાનું થાય તો એની સ્થિતિ જોઈને પોતાનું સ્ટેટસ નીચું પડી જશે, પોતાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે. અનાવિલ વેવાઈ તરીકે પોતાના બરોબરિયાને શોધે. આ બરોબરિયાની શોધમાં સારી, સંસ્કારી ગરીબ છોકરીનુ મૂલ્ય આંકાવામાં ના આવે. એને ગણતરીમાં લેવાય જ નહીં. ગરીબના ઘરનું માગું આવ્યું હોય તો સ્થિતિપાત્ર અનાવિલ માબાપનો પ્રતિસાદ એટલો ઠંડો હોય કે અમારે ત્યાં માગું નાખવાની તમે હિંમત જ કેમ કરી એટલું કહેવાનું જ બાકી રહે.

હું આટ અને આમરી રહ્યો એ દરમ્યાન અનાવિલના મનોવ્યવહારને બહુ નજીકથી જાણી શકયો. અનાવિલોથી દૂર, નંદુરબાર અને નવાપુરમાં હું રહ્યો ના હોત અને અનાવિલોની વચ્ચે મારો ઉછેર થયો હોત તો અનાવિલોની તુચ્છ મતોવૃત્તિઓ મારા ધ્યાનમાં આટલી સ્પષ્ટ રીતે આવી ના હોત. આટમાં એ વખતે વસતા ચાળીસ જેટલા અનાવિલોની સ્થિતિ મધ્યમ હતી. આ ચાળીસેય કુટુંબોનો જ્મુખ્ય વ્યવસાય ખેતી હતો. ઘણાં ખરાં કુટુંબો જેમતેમ ગુજરાન કરતાં હતાં અને કેટલાક તો મારા આજાબાપાની જેમ જમીનના ટુકડા વેચીને ગાડું ગબડાવકતા હતા. ગામના અનાવિલોમાં શિક્ષણનું પ્રમાણ ઠીકઠીક હતું અને શિક્ષિત હોવા છતાં અનાવિલોના આ ચાળીસ કુટુંબો વચ્ચે કોઈને કોઈ પ્રકારનો રાજગ્રહ ચાલતો રહેતો. શિક્ષિત અનાવિલો પણ બીજા અનાવિલોની ઈર્ષા અને અદેખાઈ કરવામાંથી બાકાત રહેતા નહીં. દીકરા કે દીકરીના વિવાહ થાય તો સૌ રાજીપો કરવા જતા ખરા પણ એમાં ય કેવું ઠેકાણું મળ્યું છે એ જાણવાની અને જાણીને કૂલથી કરવાની ભાવનાનું જ પ્રાધાન્ય રહેતું. નિઃસહાય, દુઃખી અને આર્થિક રીતે પીડાતા અનાવિલ સાથે કોઈ ગાઢ સંબંધ રાખતું નહીં. આ અનાવિલ સ્થિતિપાત્ર છે એટલે મારી પાસે પૈસા માગવા આવવાનો નથી એવી ગણતરીથી સંબંધ રાખવામાં આવતો અને પૈસાની તકલીફવાળા અનાવિલોથી દૂર રહેવાનું જ પસંદ થતું. આટના અનાવિલને સલાહ આપતો રહેતો. હું આટ રહ્યો એ દરમ્યાન કોઈ અનાવિલે જમીન ખરીદી એવું ભાગ્યે જ સાંભળેલું. જમીન વેચી એવું હું અવારનવાર સાંભળતો. અનાવિલો મુખયત્વે ડાંગર પકવતા. ખપ પૂરતી ડાંગર રાખીને બાકીની ડાંગર વેચીને એમાંથી વરસ પુરું કરવાનો વારો આવતો. શિયાળામાં વાલની કે મગની ખેતી થતી. વાલ કે મગની ખેતીમાં ઝાઝી મહેનત કરવાની રહેતી નહીં એટલે જ આ પાકને પ્રાધાન્ય આપવામાં આવતું. મોટાભાગના અનાવિલોના ઘરોમાં અઠવાડીયામાં છ દિવસે સાંજે મગ, મગની દાળ કે વાલ કે વાલની દાળનું જ શાક થતું મેં જોયું છે. બપોરે જમીને ઊંઘી

પાના નં. ૩૭ ઉપર

# પ્રકરણ–૩૫

સુરેશ દેસાઈ લિખિત પ્રવાસકથા 'અમેરિકા, સોનાની લંકા' માંથી

અમેરિકા બે મહિના રહેવાનુ અગાઉથી નિશ્ચિત હતુ તો કેનેડા ૧૨ દિવસ રહેવાનું હતું. કેનેડા ગયા ત્યારે માશીના દીકરા હેમંતે વધુ રહેવાનો આગ્રહ કર્યો પરંતુ બફેલોથી એટલાન્ટાની ટિકીટ લઈ લીધી હોવાથી વધારે રહેવાનો પ્રશ્ન જ નહોતો. ચટાનુગામાં અશોક અને એની પત્ની જયોતિ વધારે રહેવાનો આગ્રહ કરતાં હતાં પરંતુ રસના તો ચટકા જ હોય ! વધારે રહેવાનું થતાં અમેરિકાના પ્રવાસનો 'ચાર્મ' જ જતો રહે !

આ બે મહિના દરમિયાન પણ ઈન્ડિયા યાદ આવતું હતું. ફલોરીડાથી ચટાનુગા પાછા ફાર્યા પછી આઠ દિવસ કયાંય જવાનો કર્યક્રમ નહોતો. દિવસમા બેત્રણ કલાક મોલમાં કે આમતેમ ફરી આવવાનું ! આટ ગામની મુંબઈમાં વસેલી અને વેગામના અનિલભાઈ દેસાઈને પરણીને અમેરિકામાં સ્થાયી થયેલી કૈલાસ અશોકના ઊલ્ટેવા ગામથી થોડે દૂર ડાલ્ટન ગામે રહેતી હતી. વર્ષો પહેલાં વેકેશનમાં મુંબઈથી કૈલાસ અને એની બહેનો પુષ્પા અને આશા આટ આવતા ત્યારે આ મુંબઈગરા છોકરીઓ સાથે વાતો કરવાની મજા આવતી ! ત્રણેય છોકરીઓ ચબરાક અને વાચાળ ! લગ્ન પછી ત્રણે બહેનો અમેરિકામાં સ્થાઈ થઈ હતી. કૈલાસને ત્યાં ગયાં એટલે 'મારો ભાઈ આવ્યો' કહેતા કૈલાસ ભાવવિભોર થઈ ગઈ ! અમારા સદ્ભાગ્યે અમેરિકામાં જે સંબંધીઓ અને સ્નેહીઓને ત્યાં ગયા, રહ્યાં એમણે સહૃદયતાથી અમારું સ્વાગત કર્યું. કૈલાસ સાથે અમે વાતોએ વળગ્યાં. મારી સાથે મારી પત્ની કોકીલા, મારી માશીની દીકરી અંજના અને એની દીકરી રૂપાલી હતાં. કૈલાસે આટનાં નાનામોટાં સૌની ખબર પૂછવાં માંડી અમેરિકામાં જાણે આટ આવી વસ્યું ! કૈલાસને ત્યાં જમીને પરણાર્યા એટલે કૈલાસના હસબન્ડ અનિલભાઈ પણ આવી ગયા. કૈલાસની દીકરી ઘરે હતી. કૈલાસનો દીકરો એટલાન્ટમાં અભ્યાસ કરે છે ! કૈલાસના ઘરે ગયા, મળ્યાં, જૂની સ્મૃતિઓ તાજી કરી એટલે ખૂબ સારું લાગ્યું !

અમેરિકામાં રહ્યાં એ દરમિયાન ત્યાંના ભારતવાસીઓ (ગુજરાતીઓ) ના મ્વનને નજીકથી જોવા મળ્યું. અમેરિકા/કેનેડામાં ઉછરેલા યુવવાર્જા ઉંમર થવા છતા લગ્નોત્સુક નથી હોતો. માતાપિતા અચકાતાં અચકાતાં લગ્ન અંગે પૂછે ત્યારે દીકરો/દીકરી 'મારે હમણાં લગ્ન તથી કરવાં. તમે મારી ચિંતા ના કરશો'. અહીં લગ્ન વય વીતાવીને, ૩૫ વર્ષની ઉંમર પહોંચેલા અપરિણીત યુવાયુવાતીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યાં. અમેરિકામાં સેકસ લાઈફ મુકત હોય છે એટલે કદાચ 'હમણાં નહીં, વાર છ' એવો જવાબ માતપિતાએ સાંભળવો પડે. કયારેય વળી સંતાન ધોળિયા સાથે, કાળિયા સાથે, સાઉથ ઈન્ડિયન સાથે પરણવાનો ધડાકો કરે ત્યારે માત પિતાએ આઘાત જરૂર લાગે પરંતુ તમાચો મારીને મોઢું હસતું રાખવું પડે છે ! આ રીતે મોઢું હસતું રાખવાનું આપણા ગુજ્જુ માતાપિતાએ સારી રીતે આવડી પણ ગયું છે.

અમેરિકામાં સોશ્યલ લાઈફ નથી, ગુજરાતીઓ દેશને યાદ કરીતે હીજરાતા રહે છે એવી વાતો સાંભળીને આપણે ભલે ખુજા થઈએ પરંતુ એવું નથી. પરિચિતોના ફોન આવતા રહે છે, લાંબો વાતો થતી રહે છે. ઈન્ડિયાથી પણ ફોન આવે

છે. શનિરવિ કોઈને ત્યાં જવાનું કે કોઈનું આવવાનું નક્કી હોય છે. આપણા ઈન્ડિયન્સ બપોરે હળવો નાસ્તો કરીને સાંજે દાળ, ભાત, શાક, રોટલો, કચુંબર, પાપડની ફુલ ડીશ જમે છે ! ચીકન અને રોટલી-રાઈસની જયાફત પણ હોય. રોજ સાંજે ભોજન પહેલાં બિયરની વ્હીસ્કીનઅ એક બે પેગ પીવાની મજા માણનારા પણ ઘણાં છે. ઈન્ડિયામાં આપણે બિયર વ્હીસકી પીનારની ચૂંધી કરીએ છીએ પરંતુ અમેરિકામાં ગમે એના ઘરે જઈ 'શું પીવું છે ?' આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં 'બિયર ચાલશે કે વ્હીસકી ચાલશે' એમ કહીએ તો કોઈ મોઢું નથી મચકોડતું. સુરાપાનને ભારતવાસીઓએ 'વે ઓફ લાઈફ' તરીકે સ્વીકારી લીધું છે.

બધા જ ઈન્ડિયાનો વહેલી સવારે નોકરી ઉપર નીકળી જઉને રાત્રે ઘરે આવે છે એ વાત પણ ખોટી છે. ઘણાનો સમય સવારે દશ વાગ્યાનો હોય છે તો ઘણા સવારે વહેલા જઈને બપોરે ત્રણચાર વાગ્યે ઘરે આવી જાય છે. સર્વિસનું સ્થળ પચીસપચાસ માઈલ દૂર હોય છે ખરું પરંતુ એરકન્ડીશન અને હીટર ધરાવતી કારમાં મ્યુઝીક સાંભળતા પચાસ માઈલ જવાનું હોય તો પણ શું વાંધો ? ફ્રીઝરમાં મૂકેલા દાળ, શાક ખાવાં પડે ખરાં પરંતુ દાળ અને શાક વાસી છે એની ખબર સુધ્ધાં નથી પડતી, બોલો !

અમેરિકામાં રહેતા ગુજ્જુઓ એકંદરે ખૂબ સુખી છે. પડોશીઓ સાથે ઓટલા ઉપર બેસીને ગપાટા હાંકવાના ભલે નહીં હોય પરંતુ પડોશી સાથે લડાઈ ઝઘડા પણ નથી થતાં. ડોલરનું રૂપિયામાં કન્વર્ઝન ના કરીએ તો અનાજ, શાકભાજી, દૂધ, તેલ મરીમસાલો-બધું સસ્તું અને શુધ્ધ ! રસોઈ બનાવવાનો કંટાળો આવે તો ફોન કરો એટલે ઘરબેઠાં પિઝા હાજર ! એક જ મોલમાંથી દૂધ, શાકભાજી, કઠોળ, મરીમસાલો-બધું જ મળી રહે ! ભાવતાલ કરવાનાં નહીં અને છેતરાવાનું પણ નહીં. જાતજાતના શાકભાજી, જાતજાતના ફ્રુટ ! ખરીદેલી વસ્તુ પસંદ ના પડી તો પાછું આપી આવો - કોઈ મોઢું નહીં બગાડે ! નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારો વખતે ભારતવાસીઓ ભેગા થઈને રીતસરના જલસા કરે છે.પૈસાની ખાસ ચિંતા નથી હોતી એટલે મન મૂકીને ગરબે મહાલે છે ! છોકરા-છોકરીઓ ભેગા થઈને ટોળટપ્પાં કરે, હસે, હોટલમાં સાથે જમવા જાય અને કોઈ કયુરોસિટીથી નથી જોતું કે કોઈ ટીકા પણ નથી કરતું. શનિવારે અથવા રવિવારે શહેરમાં આવેલા મંદિરોમાં પહોંચનારાં ઘણાં છે. ઘણાં મંદિરોમાં શનિવારે ભોજન પીરસાઈ છે. જમીને બધાં વાતોએ ચઢે છે. ઈન્ડિયાની ખબરની આપલે થાય છે. પરિચિતો સાથે વાતો કરીને મન હળવું થઈ જાય છે અને પરિચિતો મળે એટલે આનંદ આનંદ થઈઇને આખા અઠવાડિયાનો થાક ઊતરી જાય છે ! ઘરમાં ટીવી (હોમથિયેટર), ફ્રીઝ, ફ્રીઝર, એરકન્ડીશનર, હીટર, માઈક્રોવેવ, ઈલેકટ્રિક ચુલા, વોશિંગ મશીન, બાથરૂમ-બધું જ હાજર ! બધાની નોકરી ખરાબ હોય એવું પણ નથી. હા, ગપ્પા મારવાની છૂટ નથી પરંતુ સીગારેટ પીવા બહાર જઈ શકાય (જો કે સર્વિસ ઉપર હોય ત્યારે એવી છૂટ કોઈ લેતું નથી.) કોઈ મળવા આવ્યું હોય તો મળી શકાય, ઘરે મહેમાન આવ્યા હોય અને જયાં નોકરી કરતા હોય તે ઓફિસ કે મોટેલ જોવા આવે તો પંદરવીસ મિનિટ એમની સાથે પસાર કરી શકો.

ન્યુજર્શી જેવા શહેરમાં વૃધ્ધોએ સિનિયર સિટીઝન કલબ બનાવી છે. સાંજે બધા વૃધ્ધો ભેગા થઈને મોજ કરે છે ! ટાઉનમાં મોલ હોય અને સેન્ટ્રલી એરકન્ડીશ મોલમાં બેસવા માટે બહાર

પાના નં. ૨૭ ઉપર

# આપણી ભાષા ને આપણી બોલી

– સંકલિત

આપણે ગુજરાતી છીએ અને આજે છ કરોડ ગુજરાતીઓની ગુજરાતી તો માતૃભાષા છે. ગુજરાતી ભાષા વિશે વિશ્વની ભાષાઓને લગતી 'એસઆઈએલ બિલીઓગ્રાફી ઓફ લેન્ગેવેજીસ' માં નીચે પ્રમાણે નોંધ છે, જે મે, ૨૦૦૪માં Ethnologue data from Ehtnologue : Languages of the World, 14rh Edition પ્રસિધ્ધ થઈ હતી

ગુજરાતી : ભારતીમાંની એક ભાષા

એસઆઈએલ કોડ : Bsuyth SIL code : GJR

આઈએસઓ ૬૩૯-૧ : dtw. ISO 639-2 : GUJ

બધા દેશોમાં થઈને બોલનારની વસ્તી (૧૯૯૭) : ૪,૬૧,૦૦,૦૦૦. જેમાં ભારતમાં ૪,૫૪,૭૯,૦૦૦.

જે વિસ્તારોમાં આ ભાષા બોલાય છે તે : ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ. આ ઉપરાંત બાંગ્લાદેશ, ફીજી, કેન્યા, મલાવી, મોરિશીયસ, ઓમાન, પાકિસ્તાન, સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, ટાન્ઝાનિયા, યુગાન્ડ, યુ.કે. યુ.એસ.એ., ઝામ્બિયા, ઝિમ્બાબ્વે.

આ ભાષાની વિવિધ જોડણી : GUJRATHI, GUJERATI, GUJERATHI

આ ભાષાતી વિવિધ બોલીઓ : સ્ટાન્ડર્ડ ગુજરાતી (સૌરાષ્ટ્ર સ્ટાન્ડર્ડ, નાગરી, મુંબઈ ગુજરાતી, પટનુલી), ગામડિયા (ગ્રામ્ય, સુરતી, અનાવલા, ભાઠેલા, પૂર્વ ભરૂચની ગુજરાતી, ચરોતરી, પાટીદારી, વડોદરા, અમદાવાદ ગામડીઆ, પટણી), પારસી, કાઠિયાવાડી (ઝાલાવાડી, સોરઠી, હોરાતી, ગાલવાડી, ભાવનગર), ખારવા, કકરી, ત્રિમુકી (ઘીસાડી) : STANDARD GUJARATI (SAURASHTRA STANDARD, NAGARI, BOMBAY GUJARATI, PATNULI), GAMADIA (GRAMYA SURATI, ANAWLA BHATHELA, EASTERN BROACH GUJARATI, CHAOTARI PATIDARI, VADODARI, AHMEDABAD GAMADIA, PATANI), PARSI, KATHIYAWADI (JHALAWADI, CORATHI, HOLADI, GOHILWADI, BHAWNAGARI), KHARWA. KAKARI, TARIMUKI (GHISAD)

વર્ગીકરણ : ઈન્ડો યુરોપિયન, ઈન્ડો-ઈરાનિયન, ઈન્ડો આર્યન - મધ્ય ઝોન

નોંધ : 'કીર' (લોકો) દ્વારા માતૃભાષા તરીકે બોલાય છે. રાષ્ટ્રીય ભાષા.

લિપિ : ગુજરાતી લિપિ.

નીચેના દેશોમાં પણ બોલાય છે :

કેન્યા : ભાષાનું નામ : ગુજરાતી. આશરે ૫૦,૦૦૦ લોકો (૧૯૯૫ એસઆઈએલ).

મોટા ભાગના લોકો કેન્યામાં પેઢીઓથી રહ્યા છે જેમાં હિન્દુ, જૈન તથા મુસ્લીમો છે)

પાકિસ્તાન : ભાષાનું નામ : ગુજરાતી, કેટલીક પાકિસ્તાની બોલીઓ અન્ય ભાષા કરતા સ્ટાન્ડર્ડ ગુજરાતીની વધુ નજીક છે. પાકિસ્તાની ગુજરાતી પટણીની પેટા બોલી હોય એમ લાગે છે. (Voegein and Vowgein ૧૯૭૭), કરાચી, હૈદરાબાદ, સુકકુર અને અન્ય કેટલાક ભાગોમાં રહેતા મેમણી જૂથો ગુજરાતીને મળતી આવે તેવી બોલી બોલે છે, જયારે ભારતના મેમણો કચ્છી બોલી બોલે છે. બધા પારસીઓ (૫,૦૦૦). ઘણા ઈસ્માઈલી

પાના નં. ૨૮ ઉપર

# અનાવિલોની ભાઠેલી ભાસા

- ડો. ઈશ્વરચંદ્ર દેસાઈ

સ્વામી આનંદે 'મહાદેવથી મોટેરા' છોટુભાઈની જીવનકથનીમાં લખ્યું છે : 'એમણે ગામઠી 'ભાઠેલી ભાસા' નો શિષ્ટ સંસ્કારકરવાની જરૂર કદી ન જોઈ. કહેતા.

"કઈ નિહાળે બેહવા જાઉં" ને કિયા ખેતરના ચાડિયા કને કઈને ભાશા ભાણું ? આપણે તો એક મણિકાકાની નિહાળ મેલ્યા કેડે કોઈના કાકા મટીને ભત્રીજા થવાનું હીખેલાજની મલે !"

"આપણે તો ભાયા દુનિયાનાં આટઆટલાં દુઃખ સંતાપ ને રોકકર વચ્ચે ડખુચોખા ખાઈને રાજીખુશી જીવ્યા. બારે દાડા સોગ-સૂતક પડયાં હોય એ રીતે જીવતા હીખેલાજ ની મલે, ને પરમેહરને ઘેર હુ તિયાંયે પણ કોય ગુનેગારની જેમ રડકું સૂરત લઈને ઊભા ની રઈએ. ખાસા ટટાર ઊભા રહું ભલેને ચોપડાવાળો ખાતાનાં પાનાં ઉથલાઈવા જ કર !"

આ છે "ભાઠેલી ભાસા" નો એક નમૂનો ! એમાં 'ખેતરના ચાડિયા', 'ડખુ ચોખા', 'સોગ સુતક', 'રડકું સુરત' જેવી રૂઢિ કે 'કાકા મટીને ભત્રીજા થવું' જેવી કહેવતો ઉપરાંત 'નિહાળ', બેહવા, હીખેલા જેવા શબ્દોમાં 'સ' કે 'શ' લાવ્યા નું 'લાઈવા', જઈશું નું 'જહું' રહીએનું 'રઈએ' જેવાં રૂપાંતરો ધ્યાન ખેંચે એવાં છે.

દક્ષિણ ગુજરાતને અનાવિલોની ભેટ કઈ ? એવા પશ્નના જવાબ માટે પાનાનાં પાનાં જોઈએ.

એમની 'સિદ્ધાંત નિષ્ઠા' "સાત્વિકતા" ખુમારીને ખુવારી, સેવા અને સમર્પણવૃત્તિ ! આ સઘળાએ ગાંધીજીને તથા વડાપ્રધાનાન્ની પંકિતને સ્વાર્ણિમ શોભા બક્ષી. દેશ અને દુનિયામાં 'સુરતનું જમણ' પ્રખ્યાત કીધું અને અનોખી લઢણવાળી હુરતી બોલીની ભેટ ધરી !

લખાણ કે અભિવ્યકિતને સંઘેડા ઉતાર બનાવવા અંતરના ઉમળકા કે આવેગને જે તે સ્વરૂપે સામા વ્યકિત સુધી અકબંધ પહોંચાડવા, સરળતાની સાથે સચોટતાના રક્ષણ માટે સાનુકૂળ શબ્દો ઘડવાનુંકામ જેવું તેવું તો ન જ ગણાય !

આ તો અસ્સલ લોકબોલીના ગામઠી પ્રયેગો છે, સ્વ. ઝવેરચંદ મેઘાણીના મતે લોકબોલી જે તે પ્રદેશનું હૃદય છે. ઓ લોકસાહિત્ય એ શિષ્ટ સાહિત્યની કાચી સામગ્રી છે. એ તો સંઘોર્મિની રચના જન સમસ્તની સરજત છે. એને સ્થળ કાળના સીમાડા નડતા નથી. એ તો વિકટ સ્થળે જઈને બકરીની પેઠે ચરતી રહે છે તેથી એનું દૂધ સુપથ્ય નીવડીને લોકહૈયાને પીષ્ટ બક્ષે છે. સ્વ. મેઘાણીના મતે બોલાતી વાણી 'સંજીવની' છે. એમાં 'જાતિઓના વિચાર ભાવ' કલ્પનો વણાયેલા હોય છે. એ તો ભોકતાના આત્મરંગોને હી ચોળતી રહે છે તેથી જ એમાં ઉષઃકાળની તાજગી તરવરતી જોવા મળે છે."

જો કે શહેરીકરણ અને વૈશ્વિકરણ 'અનાવિલ બોલી' ને ઝડપભેર ગ્રસી રહ્યાં છે. નોકરીયાતોની વધતી સંખ્યા તેજમ ખેતી, પશુપાલન પરના ઘટતા અવલંબ આવા પ્રયોગો માટે અવરોધો ઊભા કરી રહ્યાં છે તા છતાં એની લઢણ અને લાક્ષણિકતા તો આગવી જ !

આમ છતાં વાર્સિક સ્ખલનોથી પેદા થતાં ધ્વનિ પરિવર્તનો સ્વરભારનાં પલટાતાં રૂપો, મહાપ્રાણ અલ્પપ્રમાણમાં સ્ખલનો, સમયાંતરે ઘસાતાં જતાં અન્ચંરૂપો, વચન, લિંગ, વિભકિતના

પરિવર્તનો, કૃષિ ક્ષેત્રે થતાં પરિવર્તનોને પરિણામે ઘસાતા જતા પ્રયોગો, ઝડપભેર બદલાતી રીત રીવાજો, પર્વો ઉત્સવોની ઉજવણીનાં પલટાંતા સ્વરૂપો જેવાં અનેક પરિબળોના ચોતરફી આક્રમણો ખાળવાનું આવા પ્રયોગો માટે કપરું થતું જાય છે એ સ્વાભાવિક છે. આમ તો 'અનાવિલ બોલી' કે 'ભાઠેલી ભાસા' એ ગામઠી સુરતી બોલી છે જે સમગ્ર દક્ષિણ ગુજરાતની બોલી છે. રાવ બહાદુર કમળાશંકર ત્રિવેદી (સુપ્રસિધ્ધ વ્યાકરણકાર) ના મતે ''ગુજરાતી અગત્યની કોઈ પ્રાંતિક બોલ નથી. પારસી અને મુસલમાનોમાં દંત્ય અને મૂર્ધન્ય વ્યંજનોને સેળભેળ કરવા તરફ વલણ છે.''

ડૉ. પ્રબોધ પંડિત (ગુજરાતી સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તનના અઠંગ અભ્યાસની) મતે "બોલીઓમાં સુરતી બોલીમાં તળપદી લાક્ષણિકતા વધુ જોવા મળે છે." ગુજરાતી રૂપરચનાના ઊંડા અભ્યાસી અધ્યાપક કે.કા. શાસ્ત્રીના મતે "સુરતી ભાષાની જીવાતુભૂત વિશેષતા એના ભૂતકુંદતીરૂપમાં જોવા મળે છે. કૃદંતની આ વ્યાપકતા મુખયત્વે મહારાષ્ટ્રની નિકટતા તેમજ દરિયાકાંઠાનું પરિણામ છે. 'હું ગેયલો, 'મેં ગેયલો' જેવા પ્રયોગો એના સાક્ષી છે.

જો કે અનાવિલ બોલી કે ભાઠેલી ભાસા નો ભાષા વૈજ્ઞાનિક અભ્યાસ રજૂ કરવાની તેમ અત્રે સેવી નથી એ સ્પષ્ટતા આ તબકે કરી લેવી જરૂરી છે. અત્રે તો આ બોલીના 'ગામઠી' યા 'દેશી' પ્રયોગો જ રજુ કરવાની નેમ છે ધિવાનો તેમજ હેમચંદ્રાચાર્ય મતે જન્મારો પૂરો થતાંય દેશી શબ્દોનો સંગ્રહ કરી શકાય નહિ.

"બોલી વિજ્ઞાન' આ અઠંગ અભ્યાસી ડૉ. યોગેન્દ્ર વ્યાસે દર્શાવિલ લાક્ષણિકતોઓનો સારાંશ જોઈએ.

(અ) ઊચ્ચારણની લાક્ષણિકતાઓ...

(૧) 'શ' અને 'સ' ને સ્થાને 'હ'

દા.ત. હુરત, મારી હાહુ, હાકભાજી વગેરે.

(૨) શબ્દની મધ્યતા દંત્ય (ન.દ) કે મૂર્ધન્ય પછીના ઘોષ પાશ્વિર્ક 'લ' ને બેવડાવવાની પ્રવૃત્તિ 'નાલ્લો', 'ગાલ્લુ', 'કલ્લી' મારી લાયખા વગેરે.

(૩) શબ્દારંભે કે અન્યત્ર ઉચ્ચારાતા 'હ' નો લોપ નાઈ લાયખું, ઓહે, અવે વગેરે.

(૪) 'ળ' નો 'લ' મળવા મલવા

(૫) દંત્ય મૂર્ધન્યાંી અદલા બદલી બધા બઢ્ઢા, ટમારો પંડર

(૬) વ્યંજનો બેવડાવવા દા.ત. દીઠ્ઠો, કાચ્ચો, ખાસ્સું વગેરે

(બ) વ્યાકરણિક લાક્ષણિકતાઓ...

(૧) વિધેય નિષેધની જગ્યાએ વિધેય પ્રયોગો, જેમ કે બોલતો નથ, ની બોલતો, બોલું છું, બોલ તો છું, રમતો છું, જતો છું આવે.

(૨) સહાયકારક 'છે' ને બદલે 'છઉ કે 'છ', હું સાહેબ છઉં (છેમ), તું જાય છે, તે ખાય છ વગેરે,

(૩) સકેતાર્થમાં માન્ય ગુજરાતીમાં 'ત' નાં 'તે' રૂપ તું કહેત તો આવાત તું કહેતે તો હું આવતે, જાત-જતે, ખાત-ખાતે વગેરે

(૪) ભૂત કૃદંતી રૂપમા અંતિમ 'ય' ફૈરબદલ દા.ત. કાપ્યો-કાયપો, કાઈપો, ચાયલો, માયરા, મારી લાયખા વગેરે.

(૫) પ્રથમ પુરૂષ એકવચનમાં 'હું' ને બદલે 'મેં' નો પ્રયોગ દા.ત. મેં ગેયેલો, મેં ચાયલો.

(૬) 'શ' કે 'સ' ને 'હ' અથવા 'આ' 'બોલશે-બોલહે, ચાલહે, આવહે, મારીશ-મારા , જવા, કે'વા વગેરે.

(૭) સંક્ષિપ્તીકરણ યા મધ્યમ પદ લોપી પ્રવૃત્તિ, મેં કહ્યું, મે કુ જો કું, શું કરવાં, હુંકવા વગેરે.

આવી ઘણી લાક્ષણિકતાઓ આ ભાઠેલી ભાસા માં હજી જળવાયેલી જોવા મળે છે.

પાના નં. ૯ ઉપર

# લાટ પ્રદેશની વાર્તા : અનાવિલ બોલી

**(૧) દેહણની ડાયરી :**

૦૧/૦૧/૨૦૧૧

આજે હવાર હવાર માં જ એના પપ્પા હાથે જામી પડી. પોરીને એવી માથે ચડાવી મુકેલી છે કે મારી બેટી કોઈનું હાંભરે જ ની' ! આ ભણાવી હું ને બે પૈહા કમાતી હું થેઈ તેમાં એની આ બાપ લાખ ચાલીની વણગાગી તો ભારે પડી જવાની છે. એક તો જાતે હોઈધું ની'મલે અવે ઉપરથી દાદાગીરી(દાદીગીરી)! બર્યુ હું કે'યા કરે કે પોયરાને મેલીને વાયબ્રેશન હારાંની' આયવાં ! પછી કે'ય કે કિલક ની' થીયું ! ઈન્ટયુસન ની' થાય ! તે આ બધું કાંથી આવતું ઓહે ? અનાવલાંમાં પણવું છે ને ઉપરથી આવી લાયરી ચાલે કે ? જેમતેમે આ મારો ભાઈ દેહાઈનો પોયરો હોધી લાયવો તેની તો બાપ દીકરીને કદર ની' મલે ઉપરથી મસ્કરી કરે !

૦૫/૦૧/૨૦૧૧

તે દા'ડાથી મોઢું ચડાવીને બાપ દીકરી ફઈરા કરતાં છે. છો ને ફરતાં ! મારે કેટલી હાડીબારી ? હાચી વાત કરે તેમાં પેટમાં હાનું દુખે ? કઈ યુનિવરસિટીની ડીગ્રી છે ? એનું પેકેજ હું ? એનાં ઘરમાં એલ્ડર કેટલાં ? એના માઈબાપ હાથે જ રે'હે કે ? આવા વાહિયત સવાલ તે કાંઈ પૂછાય ? પણ મારી બેટી આવી જ વાત કરે ઉપરથી કે'ય કે આ ડીલ ની' ચાલે ! કેમ તો કે'ય કે આને સેટલ થતાં વાર લાગે, એના બાયોડેટામાં બો' કાંઈ લેવાનું ની' મલે! બાપા તો કે'તા કે ભોંય ઓય એટલે અડધો બેડો પાર ! ને આ પોરી કે'ય કે ભોંય ની', ઓય તો કંઈની', માણહ બેઝીકલી હારા જોઈએ. જો એનું પેકેજ હરખું ઓય તો ઘરને ભોંય બધ્ધું લેવાહે. આવા ને આવા પોરાં કાઈડા કરે ને પછી બધ્ધું પડી ભાંગે. કોઈ દા'ડો પેલું હું ની આઈવું ? અં, ઈન્ટયુસન પછી કિલક ની' થાય ? કાં'થી થવાનું છે બધું ? પાછું "હાઈફાઈ" જોઈએ. એના કરતાંની પરણે તો ચાલે લેઈ જવાવારો બી હરો જ થૈ જાય જો ! આ તો જાતની જણતરની પરાજણ છે એટલે બાકી તેલ લેવા જાય બે'વ જણ ! હમજ ની' પડે કે પછી કોઈ પોઈરા બતાવહે બી'ની !

૧૧/૦૧/૨૦૧૧

આજે જીજાએ જે પોઈરો બતાઈવો તે બાપ દીકરીને ડીલ કરવા જેવો લાઈગો ! જીજાએ જ બાજી આથમાં રાખી છે. મેં કીધું કે તમારા હાડુભાઈને તો પાડતા જ નો' ! ની'તો વરી કંઈ અડોર વારી આવહે ! ને જીજા જો વંકાય જહે તો વેવાનું બારમું કરે તેવા પિત્તળ ભેજાના છે. પોરી બી આમણાં તો હીધી ઉતરહે એવું લાગતું છે. આસા તો છે કે ઘાટ પડી જહે. એ લોકોને કોણ હમજાવે કે અનાવલાંતાં તો પૂછવા જાવ તાં હુધી જ હીધા, જેવા એ લોકોને બારણે ગીયાં કે લાગમાં જ લેવા માંડે ! ગમતું છે એટલે પેલું બધું ભૂલી જહે રે ! આ વખતે તો વાયબ્રેસન ને ઈન્ટયુસન ને કિલક બધ્ધું બરોબર થેઈ જાય તો હારું. ની તો બધ્ધી લોથ પાછી માંડવાની !

૨૦/૦૧/૨૦૧૧

ચાલો, પેલો પડાવ પાર પઈડો. જીજાએ બરાબર ગોઠવણ કરેલી ઉતી એટલે પેલી મિટિંગ તો નિર્વિઘ્ને પાર પડી. પોઈરો તો ગઈમો ! આવીને ખુસ લાગી. બેનપણાં ને ફોનાફોની બી' થેઈ ગેઈ !

૨૫/૦૧/૨૦૧૧

આ ચારપાંચ દાડા બેનબાએ ડેટિંગ તો

કીધું ! મેં જીજાને કઈ તો મૂકેલું કે વિચાર કરવામાં પચ્ચી દાડા ની' કાડે તે જોજો. ની'તો ટેબ્લો પડી જહે! પાછી તે જ અલામણ કરવી પડહે! પણ અવે પોઈરો ટાઈમ માંગતો છે! આપડા વારી બી ઉસીચાર તે પાછી એમ કે'ઈ કે માહાજીને કે'જે કે આપડો ગર ની' આપે! મન્તો અકકલની બારદાન જ હમજે!

૩૦/૦૧/૨૦૧૧

અવે પોઈરો વાંકો થીઓ! એમ કે'ઈ કે તું જેટલું વરહે કમાહે તેટલો પગાર તો મારો મઈનાનો એટલે તારે લોકને તા' ચાકરી કરવાની કાંઈ જરૂર ની' મલે! ને તારે ચાકરી કરવી જ ઓય તો તું તારે રસ્તે ને ઊં મારે! ઓત્તારી ની'! આ તો ખરૂં કે'વાય! પોરી ની'બી' બોલતી બંધ ને એના બાપની બી'! અવે જ ખબર પડી કે આ તો ભાઠલાની જાત છે. આપણી લાયરી ચલવે તે બીજો કોઈ બી ઓય ભાઠલો તો ની'જ! અવે બાપ દીકરીનાં મોઢાં વીલાં થીયાં! અનાવલાંતાં આપણી ચાતરમ ની' ચાલે તે હમજાયું ઓય નો હારૂં!

૦૫/૦૫/૨૦૧૧

છે ઓય તે પોરી તો મારી જ કે'ની અવે આ પોયરો એને જેમતેમ ગમેલો ઉતો! મને તો એમ કે બધું હીધુંહતરૂરૂં પાર પડી જહે ને ગંગા નાયા પણ આપડું ધારેલું કાંઈ ની' થાય. પોયરો અવે અડી ગીયો કે ડીલ કલીયર કટ્ જ થવું જોઈએ! મારી પોરી કાંઈ ગાંઠવાની નથી. એટલે આ સંઘ કાશીએ ની પોંચે! વરી આ ડીલબીલ હું છે મારી બાઈ? ખરૂં ડીલ તો અનાવલાંમો આ (હા) પડે ને ચાંલ્લાની વાત આવે તિયારે શરૂં થયા! લગન થાય! લગન હુધીમાં તો કેટલી વૈતરણી પાર પાડવાની તે તો માઈબાપનું મન જાણે!

૮/૦૨/૨૦૧૧

છેલ્લે બી કન તો ની'જ ચઈડો! ડીલબીલ બધ્ધું ફેઈલ! આપડી પોરી હોના જેવી ઓય તો બી' હું? ને આપડે જગોવારા ઓઈએ તો બી' હું ? પોયરાવારાંતાં આ પડાવવા થોડું જ જવાવાનું ? ના પડી ગૈ, અવે નવી ગીલ્લી નવો દાવ! જીજા બી' હું વાત લાવહે તે રામ જાણે! મારી પોરીનો વાંક ની' કાઢે તો હારૂં. આ વખતે અમારા એ તો દૂર જ આવી ઓહે કે ની? ધાર્યું ધણીનું થાય. આપડે તો નિમિત્ત માત્ર, ખરૂં કે ની'?

**(૨) દેહણની ડાયરી :**

-તો એમને મરઘે હવાર!

૦૧/૦૩/૨૦૧૧

આજે એણે પરણવા માટે આ પાડીને મારે તો ઓચ્છવ થેઈ ગીયો. બાકી હવાર પડે ને અમારા એના વાગ્બાણ ચાલુ કે બોલો દેહણ. તમારા કાનકુંવર હું કે'ય? અવે મારી બાઈ, રોજરોજ નવું હું કે'વાનો ઉતો? એને અમણાં લગન ની'કરવા ઉતા તો તેમ, તેમાં વરી મારુ હું ઉપજવાનું ઉતું! આમ તો મારો કુંવર ડાયો પણ પરણવાનું નામ જ ની'લે ને મને તો ધભરાત થાય કે આ પોયરાએ કે'થે હોવી મૂકેલું ઓહે કે કેમ? હોધેલું ઓય તો અમારી તો આ જ ઓય પણ મને ખબર કે પરનિયાત ઓહે તો એના દાદા ને આ બાજુ નાના તો દુર્વાસા થેઈ જહે! ને પછી ઘરમાં વાતાવરણ ભારેખમ! આવે વાત થેઈ ગેઈ એટલે ઘરમાં શાંતિ! એમણે તો કે'ઈ દીધું કે નિયાતના મેગેજિનમાં જાહેરખબર આપી દેહે ને પેલું હું કે'ય? અં..., વેબપેજ પર પણ મૂકહે.

૫/૦૩/૨૦૧૧

અવે કુંવરને એ વાંધો પઈડો કે પણવાનું તેમાં જાહેરખબર હું કાં હારું આપ્પાની? અવે તો પોરીવારા બી' આપતાં થેઈ ગેઈલા ને આને અજી વાંધો? ભાઈને ખબર જ નથી કે અવે એમનેમ કોઈ

પોરીવારાં તૂટી પડતાં નથી ! કેટલે ગરણે ગારે પછી પૂછવાં આવે ને તે'બી ગમે તિયારે ખહી ઓ જાય! એના પપ્પા બી' આમાં તો હીધા ઉતરેલા કે જાહેર ખબર તો આપ્પી જ પડે! જેમતેમ હમજાઈવો ને બધું બરાબર પાર પાઈડું! બેચાર જણને કાને વાત બી' લાખી કે અમે બી'અવે પોઈરાને પણાવાનાં છે. તે પાછી મારી મોહિયન તો કેઈ'કે તારો પોયરો પેલા તો બો' અલકોભારી થતો ઉતો પણ અવે જોવા કોઈ ઓઈ તો! ને ઉં ઓફર લાવું પણ જીજાને તો તારે જ વાત કરવાની! એના તેવર તો વધારે ઊંચા! મેં તો એને કીધું કે બેન, પેલા તું ઓફર તો લાવ! પછી જીજાને અને કુંવરને બદ્ધાંને પોચી વરહું! એન્તો મેં કીધું જ ની' કે પોયરો એખલો થોડો આખી જમાત અલકીભારે થહે ને પછી બી' મગ ચડે તો હારૂં!

૧૦/૦૩/૨૦૧૧

ટાઈમસર જાહેરાત આપેલી તે આ મઈને જ આવી બી'ગેઈ ને ફોનની ઘંટડી રણકવા હો લાગી! મારી મોહિયન ને અમારા "એ" ની ફુઈઅન હો બે વાત લાઈવા. આ વાત લાઈવા એટલે કાંઈ ઓફર આવી ની' ગેઈ પણ ભઈલાએ મથાવવાનું સરૂં કરી દીધું! મને ઓફિસમાં જોવા આવે ને તાં મારી તપાહ કરે તેની' ચાલે! મને આમ ની' ફાવે ને તેમ ની' ફાવે! ભેંહ ભાગોળે, છેહ છાગોળે ને ઘરમાં ધમાધમ! અરે ભઈલા! હરખું ઓફર કે'વાય તેવું થવા તો દે! અમારા કુંવરે તો ભઈણાં કરેલું ને લાડ કઈરા કીધેલા તે હાચેહાચ હું થાય તેનું એને હું ભાન પડે?

૧૪/૦૪/૨૦૧૧

ફરતીમેરથી વાત તો સરૂં થેઈ પણ કઈ હવાદ ની'મલે! આપણું ધ્યાન પોંચે તો કુંવરજી હુધી વાત પોંચાડાયને! દા'ડા નીકરતા વાર ની' લાગે! મઈનો નીકરી ગીયો તિયારે માંડ બેતણ વાત પર નજર ઠરી! અવે પેલું ડીલબીલ ને ઈન્ટયુસન-કિલકબ્લિક વારું રવિતર સરૂં થહે! પોરીને ઠેકાણે પાડતા તો નવનેજાં ઉતરેલાં, અવે એના ભઈલાને ઘોડે બેહાડવાનો છે! ને તે તો અમેરિકાથી ફોન પર ફોન કરે કે નકકી કરોને જણાવો તો બુકિંગ કરાવું! પછી એને કીધું કે બેન. ટાઢી પડ! પે'લા વાત આગળ તો ચાવવા દે! એના પપ્પાએ હારી રીતે વાતને હેન્ડલ તે કુંવરજી આગળ વધવા તિયાર તો થીયા! અવે બે વાતમાંથી જાં પાકું થાય "આ તારા કાનકુંવરનું મોડું ચડેલુંકેમ?", એના પપ્પા તો આઈવા તિયારથી પાછળ પઈડા! ભાઈ, ટાડા તો પડો! એને એમ થોડું કે 'વાય કે તમારા જેવા જ લખ્ખણવારો છે તિયારે તો મારે એમ જ ક'વું પડે કે કોણ જાણે આ મારા જેવો કાંથી! જવા દે જીવડા, બધી વાત, મૂળ વાત વાત કરું કે ભાઈને બેચાર વાર પોરી હાથે મલવાનું થીયું તે પોરી તો કા'ઈ કે ઉં મારા મમ્મી પપ્પાને છોડીને આવ્વાની એટલે નવું ઘર લેવાનુંને આપણે સેતલ થવાનું! ઉ.બી' કામ કરતી છું ને તમે તો કરતા જ છો. આપણે પેલા જોઈએ તો ફલેટમાં રેહું. તમારે ને મારે કામ વેંચી લેવાનું, બધું જ ફિફટી-ફિફટી! કુંવર તો ટાઠો જ થઈ ગીયો! મને કે'ઈ કે ઉં ગાડીમોટર-બંગલાને આ સાહ્યબી છોડી ફલેટમાં જાઉં કે? ચાલો, પે'લી પર તો ચોકડી! બાકી મને તો પોરીમાં અકકલ લાગી કે જાતે પગ પર ઉભા થવાની વાત કરતી છે ને મારો પોયરો નો કે'ઈ કે આ સપોર્ટ સ્ટ્રકચરનો લાભ લઈ જલદી બે પાંદડે થવાય ને આપણાં મમ્મી પપ્પાને હાથે રાખીને આગળ વધીએ તે આને કેમ ની' હમજાવું? એના પપ્પા કે'ઈ કે આ વાત પર ચોકડી ની' મુકાય. ઉં બેઉને હાથે બેહાડીને હમજાવા કે બે માણહે ને કુટુંબે સંબંધ બાંધવો એટલે હું ને હાથે મલીને કેવી રીતે જીવાય? અનાવલા તો લગન વખતે હાત પેઢીનો સંબંધ બાંધે તે કંઈ એમનેમ? અને આમ ગાડું પાટે તો ચડયું.

૩૦/૦૪/૨૦૧૧

ને આમ કાનકુંવરને રાધા મળી! હાચ્ચી વાત છે, આ પોરીનું નામ રાધા જસ્ છે પણ મીઠડી! જરા મિજાજી છે પણ વઉના લખ્ખણ બારણેથી જાણતી જ છું ને પોયરાને તો પારણેથી જોતી જ ઉ'તી. મારા ઘોડિયાંને કેટલાં દાંત તે મને ખબર! અમે ચારેચાર મળીને બરાબર હમજાઈવાં કે શરૂઆતમાં હાથે રે'વ, મેનત કરોને પગભર થાવ. અમે કડેદડે છીએ તો અમારો સ્હકાર લેવ. એ તો એ લોકોને એવું લાગે બાકી કામ પર જવાનું, જાતનું કરવાનું, હાજાંમાંદા થવાય. ભાવિમાં વેલો આગળા વધે તિયારે અમારાં જેવાં જ કામ લાગે! રાધાને પણ એના મમ્મી પપ્પાએ વાસ્તવિકતા હમજાવી કે હૌનો હાથ એટલે હું? બેનબા, તારે એકલા રે'વાનો લા'વો લેવો ઓય નો વરહમાં બેચાર વાર ફરી આવવાનું. મિલકત બી' વહાવવી ઓય તો વહાવવાની! કોણ ના પાડવાનું છે. જાતે ઠરોને બીજાને ઠારો. તો ચાલ, અવે તો ગોઠવાઈ ગીયું ને આ પોરીવારાં પૂછવાં આવેલાં તે એના પપ્પાએ કંઈ દીધું કે બધું ફિફ્ટી-ફિફ્ટી એટલે લગ્નનો ખર્ચો બી' તેમ જ! અવે, ચાંલ્લાની તૈયારીમાં પડું. આપણે તો સુધારાને હાદાઈમાં લગનમાં માનીએ પણ કાનો ને રાધા કે'ઈ કે પાંચપચ્ચીની આજરી તો જોઈએ. હારું મારી બાઈ, તો એમને મરઘે હવારે!

### (૩) મા દીકરીનો ફોનાલાપઃ

એના પપ્પાને ઘરમાંથી જતાં જ વાર , આપણે તો રા' જોઈને બેઠેલા ઓઈએ કે કયારે એ ઘરમાંથી ગચ્છન્તિ કરે ને ઉં મારી પોરીના ફોનની ઘંટડી ગગડાવી કાડું! જો કે હવાર હવારે બી' કામ ઓય પણ દા'ડામાં બેવાર એની હાથે વાત ની' થાય તો પેટમાં બધી વાત ચરવચરા કરે!

આમ તો એ એની ઘેરે સુખી, પોપટ ભૂખો નથી, તરસ્યો નથી,ને આંબલિયા પાળાને એમ બી' મારા વારી કાઈ નાલ્લી નાલ્લી વાંતમાં ગભરાઈ જાય તેમાં માલ ની' મલે પણ એને બી' વરને હાહરીયાં માથાનાં મલેલાં છે! મન્તો એમ કે એણે જાતે હોધી કાડેલું ને આપણે રંગેચંગે એને પરણાવી દીધી પછી અવે એ જાણે ને એની વાત જાણે! એને બી' એવી ટેવ તો ખરી કે મારો જ કકકો ખરો એટલે બેનવાને જો કોઈ ગણે ની' તો પછી જોવાનું!

ઉં : હલ્લો.... દીકા, કેમ છે?

બેનાં: ડોન્ટ આસ્ક મી, મા! આ તે ઘર છે કે સરકસ?

ઉં : કેમ હું થ્યું?

બેના : હું હું થવાનું ? મન્તો મારાવારાએ કેયલું કે મારું ઘર સંગીતની વાજાપેટી જેવું છે, બધ્ધા સૂર જુદા ને બેસૂરા છે તિયારે ઉં તો ખુસ થેઈ ગયેલી કે આની ભાસા તો બો' હારીને મજાકીયો છે પણ અવે ખબર પડી કે પેલ્લે તો એ જ દિવેલ પીધેલું ઓય તેમ ને ભારેખમ જ દેહું! હવારથી "પીકુ" જ ઓય! બાકીનું પૂરું ઓય તેમ આ ઘરમાં કોઈ અહીને વાત કરતું ઓય એવું તો લાગે જ ની'! બધાંનાં જ તેવર ઊંચા!

ઉં : બેનબા, ટાઠા પડો! ઘર ઘરની વાત જુદી બી' ઓય.

બેનાં : કેમ તુ તો પેલા એમ કે'તી કે ઘર ઘરની એક જ રામ કહાણી!

ઉં : દીકા, જરા જરા ફરક તો ઓય કે'ની?

બેના : અરે, જરા જરા હું ફરક ? હવાર થી ઊઠો તિયારથી બધ્ધું જુદું! ચાથી જ સ્ટારટિંગ થાય! માણહ માણહે ચાનો ટેસડો જુદો! એકને મસાલાવારી જોઈએ તે એવી કે વઘાર કરવાનો બાકી જ રાખવાનો! બીજાંને કડક બાદસાહી! તીજાને દૂધવાળી! ચોથાને ખાંડ વધારે ને દૂધ

ઓછુંને પાંચમાંને દૂધ વધારેને આદુ વગરની મસાલા વારીને છઠઠાને.....જા....ઉં તો ભૂલી ગઈ!

ઉં : એ તો ધીરે ધીરે યાદ રે'ઈ જહે!

બેના : ધૂર ને ઢેફાં યાદ રે'હે! આપણાં કરતાં દારનો રંગ સિકકે જુદો! ભાખરી-રોટલીના લોટની મોકાણની તો વાત જ નો' કરતી ! મોમ, આઈ એમ ટાયર્ડ! આ તે મેં લગન કીધેલાં છે કે ગુસલખાનામાં જોબ લીધેલી છે ને તે બી'વગર પગારની! દાદી પેલું હું ક યા કરતી કે...

ઉં : કોડી ની' કમાણી ની' ને ઘડીની' ફુરસદની'! પણ જો દીકા, એમ ની' વિચારાય! આ તો આપણે હાત હાત જનમનો સંબંધ બાંધેલો છે એટલે નાલ્લી નાલ્લી વાતમાં અપસેટ ની' થવાનું ! બધું ઠેકાણે પડી જહે! જોને મારી જ વાત કરું કે ઉં પણીને....

બેનાં એ અધવચે જ વાત અટકાવીને ફોન મૂકતાં : મોમ, ડોન્ટ ગીવ મી સલાહનાં પોટલાં !

બોલો, આ પોરીની વાત આમ તો હાચી પણ એને હમજાવતાં તો નવનેજાં ઉતરવાનાં છે. મારી બાઈ, ઘેર ઘેર માટીના ચૂલા જો કે અવે ગેસના ચૂલા. તેથી હું બદલાયું? વાત તો તેની તે જ રે'ઈને! એના પપ્પા તો કે'ઈ કે ફોન હું માથું ફોડવાં કઈરા કરે? અરે મારા ભાઈ ! જો એને ઠેકાણે ની' રાખું તો રીર્ટન વીથ થેન્કસ થેઈ જાય કે'ની ?

મારી વાત હાચી કે'ની ? તમને હું લાગે?

બકુલ ઘાસવાલા
આ કાલ્પનિક સત્ય છે!

## (૪) ગીતા અને ફ્ફઓમ (ફોમ:યાદ) છે ?

આ અતીતરાગ ભારે કથાવટ ઊભી કરે. "ઘોર અંધારી રે રાતલડીમાં નીકળયા ચાર અસવાર" ની જેમ યાદોની બારાત ઉમટી પડે અને પછી સ્વીચ ઓફ થાય જ નહીં. ફિલમની પટટીની જેમ એક પછી એક સીન સામે ભજવાય ને પછી ઊંઘને નામે અલાયો! ગીતા, તું તો અઢાર વરહે પરણીને અમેરિકાની મોહમાયામાં લપેટાવાં ચાલી ગેઈને મારા ભાગે તો જનમ જનમથી વઉને હાથે બાંધેલું હાંબેલું (સાંબેલું) તેમ વલહાડ જ રીયું. આપણી ઘરઘરાઉ મસ્તી, નિહાર(નિશાળ) ને કોલેજ તો એટલી યાદ આવે કે ન પૂછો વાત.

આપણા ઘરની પાછળ વાડી, આપણે વાડીમાં રમતાંને તું તો સડસડાટ જમરૂખના ઝાડ પર ચડી જતી, મારે ખાસ નીચે ઊભા રે'ઈને તે વણવાનાં! તને ઉપર ચડીને જમરૂખની જયાફત ઉડાવતી હજી પણ હું જોઈ શકું છું. પેલું ફ્ફઓમ છે કે વાડી ની કાચી ટોટાપુરી કેરીનું કેસરવારું સરબત બનાવીને પીવા માટે આપણે ખાંડ અને કેસર ચોરીછૂપીથી લઈ જતાં ને મસત સરબત બનાવી મજા કરતાં. ઘરની પાછળ તબેલામાં ઘોડાના ચણા રહેતાં તે ચણા ઘોડાની ડોલમાં પલાળેલા હોય, એક વાર આપણે પાણીપૂરી બનાવેલીને પોચ્ચીપટટ પૂરીમાં બાફેલા ચણા નાંખી ઝાપટી ગેઈલા તેનું તને ફ્ફઓમ છે કે ?

સોનગઢ જતાં ને દરેક ગાડી આવવાની ઓય તિયારે સ્ટેશન પર જેઈને આથના હંચાનું લીલા પાતરાંના દડિયામાં મલકાતું આઈસ્ક્રીમ, બોર, કમદાં(કરમદા), જાંબુ ને જયાફતની કંઈ કેટલી યાદ આપણા ખજાનામાં છે તે તેને યાદ કે? આપણે આ મિજબાની માટે પૈહા જોઈએ તે કડાવવાનું કામ કિસનભાઈને મા' દેવ-અર્જુનનું ને નાથુકાકા-ધીરૂકાકા-છોટુકાકા પૈહાની' પરખાવે ત્યારે કેવી કેવી રીતે એ લોકો પૈહા કડાવતાં તે તને ફ્ફઓમ કે ?

અલુણા ને સંકરાતનું ચાંલ્લા વ્રત કરવાના, નવરાત ને દિવાળી, ઓરી(હોળી) ને

હારાદનાં(શ્રાદ્ધ) જમણમાં થતી ધમાચકડીના તો મજા જ જુદી હતી ને ? વેકેશનમાં આપણે મામા ફુઈના બધ્ધાં ભાડરડાં હાથે જ રે'તાને અગાશીમાં રામ પથારામાં સૂઈ જતા ને મોડી રાત સુધી ગપ્પાં મારીએ ને માટીકાકીની ચાવી ખખડે એટલે હુવાનો(સૂઈ જવાનો) ઢોંગ કરતાં તે તને ફ્ઍમ કે? એ ચાવીના ખખડવાની બીક તો પરીક્ષા ઓય તિયારે વાંચતી વખતે પણ રે'તી! આપણી ટોળકીને મામાની પલટણ કે'ઈને એક વાર કોઈએ ગીત ગાઈલું ને બધાં બો અહેલાં (હસેલા) તે!

આજે બીજી જગાએ વાડીઓ તો છે પણ આપણી પલટણ ભેગી થતી નથી, મોટાભાગનાં તો બધા આસપાસ રે'ઈ છતાં કોઈને ફુરસદ નથી! વેકેશન માં ફોરેન ટ્રીપ ઈન થિંગ છે કે જરૂરિયાત છે તે મને હમજાતું નથી! જો કે જે રીતે તમારાં અમેરિકામાં પણ મળે તેમ અંઈ પણ અવેનાં દોતરાંપોતરાં પણ એમનાં મોહારમાં ભારોભાર પલોટાયેલાં છે એટલે અફસોસ કરવા જેવું નથી. જૂની પેઢીના સંબંધો ઘસાય પણ નવા બંધાય છે તેય હાચું છે.

કાલે મને ગણિતના સર યાદ આવી ગેયલા! એક દા'ડો કેવું થયલું? વિજ્ઞાનના ટીચરે આપણને ચીનાઈ માટી લેવા મોકલેલાં ને રિસેસ પૂરી થેઈ ગેઈલી ને એમનો ગણિતનો પિરિયડ ચાલુ થેઈ ગેઈલો. આપણે પોંઈચા ને સર પાહે કલાસમાં દાખલ થવાં પરમીસન માંગેલીને પૂછેલું, "સર આઉં, સર આઉં", એટલે સરે હાંભર્યું (સાભળયું), "સરાઉં સરાઉં". સર ઉવાચઃકોનું હારાવવાની (અર્થ એ કે કોનું શ્રાદ્ધ કરવાનું છે?) એટલે બધે અહાઅહ(હસાહસ) ને આપણી કેવી ગિલ્લી ઉડેલી! સર એટલેથી જ કાં અટકેલા? પૂછેલું કે રિસેસમાં સવારી કાં ઉપડેલી? આપણે જવાબ આપેલો કે ચીનાઈ માટી લેવા. વળી સરે કેઈલું કે કેમ? અંઈઆ ખોટ પડી કે માટી લેવા છેક ચીન હુધી જવું પડે!(આ શ્લેષ એવો કે માટી એટલે માટેડો : વર : પતિ) ફરી પાછી અહાઅહ!

ને એકવાર ભૂગોળનાં ટીચરે આપણને એટલાસ લાવવા કેઈલું ને પૂરું હમજાવેલું બી'કે એટલાસ કેવો આવે? ત્યારે પેલી... નામ ભૂલી ગેઈ, જે ઓય તે એણે કેવું કરેલું કે બધ્ધું પઈતું પછી પૂછે કે એટલાસ એટલે હું? ને ટીચરને એમ લાગેલું કે એણે મસકરી કરી પછી તો જે આલત! (હાલત)

ને પેલી આપણી બેનપણી તો સરટીચરની ઉડાવવામાં પે'લો જ નંબર. ગણિતના સરે દાખલા આપી મજાક કરેલી કે જો જો તમારતાં મેતાજી(મહેતાજી) ઓય તો તેની પાહે લેસન નો' કરાવતા દાખલા જાતે ગણજો. એણે બોર્ડ પર લેસન લખવાનું તો ગણિતના લેસનમાં લખેલું કે દાખલા મેતાજી પાસે ગણાવી લાવવા! પછી કોઈ સરને ચાડી પણ કરી આવેલું ને સરે કલાસમાં પૂઈછું તો બી' કોઈ એનું નામ તો ની' જ બોલેલું! કેટલી મજા આવતી, હેં ને?

ને ગીતા, ભઈની વાત યાદ કે ? આપણે કઈએ કે બો' (બહુ) કંટારો(કંટાળો) આવે એટલે એ કે' તા કે કંટારો આવે તો ઝાડુ પકડો ને બંગલા ફરતે સફાઈ કરવા જાવ ને ની' તો પછી વાડીએ ચીકુ પાડવા જાવ, કંટારો નાહી(નાસી) જહે(જશે). આ તો એમનો તકિયાકલામ કે તમારે બધી "માતેલાની મસ્તી"છે, જંગલમાં આદિવાસીઓને જોઈ આવો તો હમજ(સમજ)પડે કે રોટી, કપડાં ને મકાન વગર હું(શું) આલત(હાલત) થાય ને કેમ જીવાય?

ગીતા, હવે તો એ ઘર પણ ની' રીયું ને આપણે બી' કોન જાણે કેટલો વખત રે'હું પણ એમ થાય કે કાં ગીયાં તે દિવસોને કાં ગીયાં તે લોકો? હે અલી, કે'ની? આ બધું તને યાદ કે?

**(૫) બાલમાનસમાં મેઘધનુષી રંગારંગ :**

આજે કામિની કોઠારીની એક રંગોળી જોઈ એ ઘટના વારંવાર યાદ આવી. આમ તો બે દિવસ પર કરણનું વૃક્ષ જોઈને પણ યાદ આવતી હતી. મારી ફૂઈની દીકરી નાની હતી ત્યારથી જ સ્વભાવે મનમોજી અને હાજરજવાબી. એ નાની હતી ત્યારે એમનાં ઘરની સામે જે પરિવાર રહેતો એમની સાથે એમને ઘરોબો સારો. ત્યારે એક ગુજરાતી ગાયન ખૂબ પ્રચલિત. એની એક પંકિત કંઈક આ પ્રકારની હતી,

"નજરના જામ છલકાવીને ચાલ્યાં કયાં તમે ?

પ્રણયનાં ફૂલ કરમાવીને ચાલ્યાં કયાં તમે ?

એ ગાયન સામેવાળાનાં ઘરની નાની દીકરી ગાતી ગાતી સામે આવી. એટલે સુધા ઉવાચ"

એ તારે છે ને

પ્રણયના ફૂલ ની' ગાવાનું,

તાર તાં તો કરણ ઊગે એટલે તારે ગાવાનું કે

"કરણના ફૂલ કરમાવીને ચાલ્યા કયાં તમે ?"

પછી પેલી નાની છોકરી પૂછે કે પણ મારે તાં તો ટગરીનાં (તારી) ફુલ બી' ઊગે તે ?

તો તે બી' ગાવાનું કે

"ટગરીના ફૂલ કરમાવીને ચાલ્યા કયાં તમે ?"

બન્ને નાનકીઓને ગાયનનો અર્થ ખબર નહીં એટલે બન્નેએ મનઘંડત આવી રચના કરી. કોણ જાણે કેમ પણ મને એ વાત યાદ આવે ત્યારે હસવું તો આવે જ કે બાળમન કેવું હોય છે, એમને જે વિચાર આવે તે કેવાં રંગ દર્શાવે, નહીં ?

બાળક અને કિશેર વર્ગની વાત શરૂ કરી છે તો બીજી ઘટના પણ યાદ આવે છે, વર્ષો પર એકવાર રૂપા મહેતા દૂર દર્શનની ટીમ લઈ વલસાડ અસ્તિત્વનાં વીડિયો રકોર્ડીંગ માટે આવેલાં. અમે એક શાળામાં ગયાં. વિદ્યાર્થિનીઓ સાથે વાર્તાલાપનું રેકોર્ડિંગ કરવાનું હતું. કાર્યક્રમમાં જે વકતાબહેન હતાં એમણે સરસશરૂઆત કરી "પ્રેમ શબ્દ" ની મીમાંસા કરી પછી એમનો બીજી બાજુનું દર્શન કરાવવાનો ઈરાદો પણ ખરો. ત્યાં તો એક કિશોરી ઊભી થઈ (તે સમયે ભ્ર્સીરિ ુરુજ ઁહ) અને પૂછવા લાગી કે બેન, તમે રાધા કૃષ્ણનાં પ્રેમની સરસ વાત કરી પરંતુ અમે જો કોઈના પ્રેમમાં પડીએ તો કેમ ઘર, સમાજ ને બધાં જ પાછળ પડી જાય ? જો રાધા કૃષ્ણનો પ્રેમ સાચો તો અમારો કેમ નહીં ? બાકીની વિદ્યાર્થિનીઓ તો તાનમાં ને તાળીઓનો ગડગડાટ ! સભામાં હસાહસ ! ને કેમેરા ઓફ !

હમણાં મને એક બેનપણીએ એના ળરિહ઼ઞ ભ્ર્રૈઞ વિશે વાત કરી કે તે પૂછે કે તમારા સમયમાં"

"ફર્સ્ટ ક્રશ" જેવું હતું કે ?

જવાબ : હા

સવાલ : તો પ્રપોઝ કેવી રીતે કરતાં ?

જવાબ : મૂંઝવણ !

પછી સવાલો મારો !

સવાલ : તો પછી તમને કોઈએ પ્રપોઝ કરેલું ? કેવી રીતે ? પછી એ રિલેશનશીપ રેઈલી કે ? ત્યારે ઓલ રિલેશન્સ રાખતાં કે ? બ્રેક અપ થતું કે ?

દાદી કે નાનીની બોલતી બંધ !

બકુલ ઘાસવાલા

(જો કે આ પ્રકારના અનુભવો પછી જ બારે બુદ્ધિ સોળે સાન જેવું પુસ્તક હું લખી શકી અને હવે મારા જ પૌત્રો અને કાર્યક્ષેત્રમાં પણ કિશોરીઓ જે સવાલ ઉઠાવે છે તે પરથી લાગે છે કે ઘણું ઉમેરી પણ શકાય.) ■

# સમાચાર વિભાગ

સહસંપાદક

## શુભ લગ્ન :

- વેસ્મા હાલ સુરતના શ્રીમતિ રીટાબેન તથા શ્રી રીટેશભાઈ સુમંતરાય દેસાઈના પુત્ર નિકેત ના વ્યારા હાલ અમદાવાદના શ્રીમતિ ગીતાબેન તથા શ્રી યોગેશભાઈ ઈશ્વરભાઈ દેસાઈની પુત્રી શિવાંગી સાથે તા. ૨૦-૦૨-૨૦૧૮.
- પોંસરાના શ્રીમતિ જયોતિબેન તથા શ્રી જીતેન્દ્ર(ભીખુ)ભાઈ નાથુભાઈ નાયકની પુત્રી મેઘનાના સામરાવાડી હાલ ગણદેવીના શ્રીમતિ ઈલાબેન તથા શ્રી નરેશભાઈ ભીખુભાઈ નાયકના પુત્ર નીરજ સાથે તા. ૨૦-૦૪-૨૦૧૮.
- ગડત હાલ નાંદરખા, બિલીમોરાના સ્વ. શિલ્પાબેન તથા શ્રી પોરસભાઈ નરેન્દ્રભાઈ નાયકની પુત્રી સપનાના ઊંટડી હાલ વલસાડના શ્રીમતિ સ્મિતાબેન તથા શ્રી સંજયભાઈ મનુભાઈ દેસાઈના પુત્ર અભિ સાથે તા. ૨૮-૦૪-૨૦૧૮.
- મજીગામ હાલ વલસાડના શ્રીમતિ હીનાબેન તથા શ્રી અંગિરસભાઈ રતિલાલ દેસાઈની પુત્રી હેલીના વલવાડા હાલ નનકવાડા, વલસાડના શ્રીમતિ વૈશાલીબેન તથા શ્રી ઉત્પલભાઈ નાથુભાઈ દેસાઈના પુત્ર હર્ષવર્ધન સાથે તા. ૨૯-૦૪-૨૦૧૮
- બોણંદ હાલ વડોદરાના શ્રીમતિ કીર્તિબેન તથા શ્રી હરેનભાઈ પ્રમોદભાઈ દેસાઈના પુત્ર રૂમિતના મગોદ હાલ વલસાડના શ્રીમતિ કાલિન્દીબેન તથા શ્રી દીપકભાઈ સુરેશચંદ્ર દેસાઈની પુત્રી માર્ગી સાથે તા. ૩૦-૦૪-૨૦૧૮.

# પ્રકીર્ણ

એંધલ હાલ વડોદરાના શ્રીમતિ નીતાબેન તથા શ્રી અજીતભાઈ કીકુભાઈ દેસાઈના પુત્ર મિત (B.E. Comp.) એ Post Graduate Diploma in Management (Marketing) ની પદવી Institute of Management Technology, Gaziabad, Delhi થી માર્ચ ૨૦૧૮માં મેળવી છે.



ચિ. મિત

- ગણદેવી પીપલ્સ કો. ઓ. બેંક લિ. ની વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં આ અનાવિલો ચૂંટણીથી ડિરેક્ટર તરીકે વિજયી થયા છે. શ્રી જસ્મીનભાઈ જયંતિભાઈ દેસાઈ - બિલીમોરા, શ્રી મનીષભાઈ હર્ષદભાઈ દેસાઈ - બિલીમોરા, શ્રીમતિ ભાવનાબેન એ. નાયક - ગણદેવી, શ્રી કેયુરભાઈ કે. વશી - ગણદેવી, શ્રી તુષારભાઈ એમ. વશી - ગણદેવી તથા શ્રીમતિ જયોતિબેન અક્ષયભાઈ દેસાઈ -



ડૉ. કેતા

એંધલ હાલ બિલીમોરાના ગં.સ્વ. પ્રીતિબેન તથા સ્વ. ચેતનભાઈ દિનુભાઈ નાયકની પુત્રી ડૉ. કેતાએ ગુજરાત યુનિવર્સિટી માંથી B.D.S. (ડેન્ટિસ્ટ) ની પદવી પ્રાપ્ત કરી છે.



ડૉ. ઈશા

વલસાડ હાલ પૂનાના શ્રીમતિ નેહાબેન તથા શ્રી વિરલભાઈ શિરીષભાઈ દેસાઈની પુત્રી ડૉ. ઈશાએ મહારાષ્ટ્ર યુનિ. ઓફ હેલ્થ સાયન્સીસ, નાસિકથી M.B.B.S. (Paediatrics)ની પદવી પ્રથમ વર્ગમાં ડિસ્ટિંકશન સાથે ઉત્તીર્ણ થઈ પૂનાની કાશીબાઈ નવલે મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ પૂના ખાતે ઈન્ટર્નશિપ કરી રહ્યા છે.

ગણદેવી.

- નવસારી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના નિયામક મંડળમાં સર્વાનુમતે ઘોષિત થયા છે. શ્રી જયંત(દેવુ)ભાઈ ગુલાબભાઈ મહેતા પ્રથમ ઉપ-પ્રમુખ, શ્રી દેવાંગભાઈ સુમંતરાય દેસાઈ માનદ્મંત્રી તરીકે નિમાયા છે.
- નવસારીના પ્રા. મહાદેવભાઈ એ. દેસાઈ અખિલ ભારતીય અધ્યાપક મહામંડળ વેસ્ટ ઝોનના ઝોનલ સેક્રેટરીની અખિલ ભારતીય અધ્યાપક મહામંડળના કોર્ડિનેટર તરીકે નિયુકિત થઈ છે.
- ગણદેવીના શ્રીમતિ જયોતિબેન અક્ષયભાઈ દેસાઈ સેવા સંસ્થાઓ, સહકારી મંડળીઓમાં નોંધનીય પ્રસાદને કારણે ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી તરફથી ભારતજયોતિ એવોર્ડથી સન્માનિત થયા છે.
- નવસારી વિધાનસભા મતદાર વિસ્તારના સતત બીજી વખત વિધાનસભામાં ચૂંટાયેલ શ્રી પિયુષભાઈ દિનકરરાય દેસાઈની વિધાનસભા જાહેર હિસાબ સમિતિમાં સભ્યપદે નિમણુંક થઈ છે.
- હાથિયાવાડી હાલ નવસારીના શ્રી સંજય ઠાકોરભાઈ નાયક એ પોતાના જન્મ દિવસ તા. ૦૮-૦૪-૨૦૧૮ની ઉજવણી સમાજ વિકાસના કાર્યો દ્વારા કરી છે. સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ તથા શ્રી ઠાકોરભાઈ રણછોડજી ભગત ચેરિટેબલ ટ્રસ્ટ અને દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ ઈન્ડિયા, પારડીના સંયુકત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. જન્મ એજ જીવન તથા અંગદાન વિશેની માહિતી પણ આપી હતી.

**માસિક શિવરાત્રી :** શ્રી શુકલેશ્વર તર્થધામ, અનાવલે ચૈત્ર વદ તેરસને તા. ૧૪-૦૪-૨૦૧૮ને શનિવારે શ્રી રજનીકાંત બાપુ(રવુ)ભાઈ દેસાઈ તલોધ, બિલીમોરા પરિવારના યજમાન પદે પૂજન અર્ચન થયા. આરતી, મહાપ્રસાદ, થાળ, અભિષેક ભકિતભાવથી શ્રી શુકલેશ્વરદાદાને ચરણે અર્પણ થયા.


ડૉ. નિધિકા

લુસવાડા હાલ બિલીમોરાના શ્રીમતિ મીનાક્ષિબેન તથા શ્રી વિનોદભાઈ બાપુભાઈ નાયકની પુત્રવધૂ ડૉ. નિધિકા આનંદ નાયક એ "Epidemiology, Assessment of Losses and Management of Mango Powdery Mildew (Odium Mangiferae Berthet)" શીર્ષક હેઠળ રજૂ કરેલ મહાનિબંધને નવસારી એગ્રિકલ્ચર યુનિ. નવસારીએ માન્ય રાખી Ph.D. ની પદવી એનાયત કરી છે. તેઓ હાલમાં નવસારી બાગાયત અધિકારી વર્ગ - ૨ તરીકે ફરજ બજાવે છે.

- કિલ્લા પારડીમાં યોજાયેલ સ્નેહ મિલન સમારંભમાં સાહિત્યકલા સેવી શ્રી અમૃતભાઈ દેસાઈએ અતિથિવિશેષ પદેથી "વયસ્ક વયને જાણો ને મન ભરીને માણો" વિષય પર સચોટ વિચારો વ્યકત કર્યા હતા.
- શ્રી મહાગણપતિજીની પ્રિય સંકષ્ટી અંગારરંગી મંગળા ચતુર્થીના મંગલદિને વલસાડના સ્વર્ગાશ્રમ મંદિરમાં ગણેશ કથાકાર ડૉ. નયનાબેન દેસાઈના વરદમુખેથી શ્રી સત્યવિનાયક કથાનું સમૂહપૂજન આયોજન કરવામાં આવ્યુ હતું. વિશાળ ભકતવૃંદે વ્યાખ્યાન, કીર્તન, માનસપૂજાનું પણ રસપ્રદ નિરૂપણ માણ્યુ હતું.

# અવસાન

નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે. પ્રભુ એ સર્વના આત્માને ચિર શાંતિ આપો.

- 
  યજ્ઞદાતા
  મોતા, બારડોલી હાલ અમેરિકાના શ્રી ભરતભાઈ, શ્રી વિજયભાઈ તથા શ્રી રાજેશભાઈના પિતાશ્રી ધીરૂ(બચુ)ભાઈ નાથુભાઈ નાયકનું ઉ. વ. ૭૩, તા. ૧૪-૦૩-૨૦૧૮.
- સલવાવ, વાપી હાલ વડોદરાના શ્રીમતિ મધુબેનના પતિશ્રી દોલતરાય ડાહ્યાભાઈ દેસાઈનું ઉ. વ. ૮૭, તા. ૧૨-૦૩-૨૦૧૮.
- સાંકી, તા. પલસાણાના શ્રી સુનિલભાઈના પિતાશ્રી નટવરભાઈ મણિભાઈ નાયકનું ઉ. વ. ૮૦, તા. ૧૩-૦૩-૨૦૧૮.
- હાંસાપોર હાલ બિલીમોરાના શ્રી દોલતરાય ભીમભાઈ મહેતાના ધર્મપત્ની અ.સૌ. વિરમતીબેનનું ઉ. વ. ૭૪, તા. ૨૬-૦૩-૨૦૧૮.
- વેસ્મા હાલ સુરતના શ્રી રીટેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. વંદનાબેન સુમંતરાય દેસાઈનું ઉ. વ. ૮૭, તા. ૩૧-૦૩-૨૦૧૮.
- ભદેલી હાલ અડાજણ, સુરતના શ્રી સમીરભાઈના પિતાશ્રી દિલીપભાઈ સુમંતરાય દેસાઈ (નિવૃત્ત

- 
ચક્ષુદાતા
આટિયા ફળીયા, કાની હાલ બારડોલીના શ્રીમતિ ભાવનાબેનના પતિ તથા શ્રી આશિષભાઈના પિતાશ્રી રાજેન્દ્રભાઈ નટવરલાલ નાયક (નિવૃત્ત બેંક ઓફ બરોડા)નું ઉ. વ. ૭૧, તા. ૧૨-૦૪-૨૦૧૮.

- 
ચક્ષુદાતા
જલાલપોરના શ્રી હિરેનભાઈ (આચાર્ય, આઈ.ટી.આઈ., ગણેશ સિસોદ્રા), શ્રી કિશોરભાઈ, સૌ. દીનાબેન પ્રકાશભાઈ દેસાઈ, સૌ. રમાબેન પ્રકાશભાઈ દેસાઈ તથા સૌ. પન્નાબેન પ્રફુલભાઈ દેસાઈના માતૃશ્રી ગં.સ્વ. કમુબેન રણજીતરાય દેસાઈનું ઉ. વ. ૮૭, તા. ૧૫-૦૪-૨૦૧૮.

- 
ચક્ષુદાતા
કછોલીના શ્રી અમૃતભાઈ, સૌ. સરોજબેન દિનેહાચંદ્ર નાયક (સાલેજ) તથા સૌ. ભાવનાબેન જયેશભાઈ દેસાઈ (વડોદરા) ના પિતાશ્રી રમણલાલ ગુલાબભાઈ દેસાઈનું ઉ.વ. ૯૫, તા. ૧૬-૦૪-૨૦૧૮.

- 
ચક્ષુદાતા
સુપા, કુરેલ હાલ નવસારીના શ્રી રણજીતભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી દીપકભાઈ તથા સૌ. દક્ષાબેન સુનીલભાઈ દેસાઈના માતૃશ્રી ગં.સ્વ. કમળાબેન નાનુભાઈ નાયકનું ઉ. વ. ૯૦, તા. ૧૭-૦૪-૨૦૧૮.

બેંક ઓફ બરોડા)નું ઉ. વ. ૬૭, તા. ૦૯-૦૪-૨૦૧૮.

- ખારા અબ્રામા હાલ સુરતના શ્રી ભાસ્કરભાઈ અંબેલાલ દેસાઈ (નિવૃત્ત એલ.આઈ.સી.)ના ધર્મપત્ની અ.સૌ. ઉમાબેનનું ઉ. વ. ૭૨, તા. ૧૩-૦૪-૨૦૧૮.
- અબ્રામા વલસાડના શ્રી ચેતનભાઈ અમ્રતલાલ દેસાઈના ધર્મપત્ની સૌ. હેતલબેનનું ઉ. વ. ૫૬, તા. ૧૫-૦૪-૨૦૧૮.
- મજીગામ હાલ અતુલ, વલસાડના શ્રી મનીષભાઈના માતૃશ્રી ગં.સ્વ. કુન્દનબેન નટવરલાલ વશી એરૂકરનું ઉ. વ. ૭૭, તા. ૧૬-૦૪-૨૦૧૮.
- પલસાણા હાલ વલસાડના શ્રી ગૌરાંગભાઈના માતૃશ્રી ગં.સ્વ. હંસાબેન નલિનચંદ્ર દેસાઈનું ઉ. વ. ૭૭, તા. ૧૬-૦૪-૨૦૧૮.
- એંધલ હાલ બિલીમોરાના સૌ. મેઘા નીરવભાઈ દેસાઈ, (સુરત) ના પિતાશ્રી રૂષિકુમાર ઠાકોરભાઈ નાયકનું ઉ. વ. ૭૭, તા. ૧૯-૦૪-૨૦૧૮.
- ગોજા, તા. ચોર્યાસીના શ્રી દિનેશભાઈ તથા શ્રી જયેશભાઈના ફુઈ ગં.સ્વ. મણિબેન છગનલાલ નાયકનું ઉ. વ. ૮૬, તા. ૨૦-૦૪-૨૦૧૮.
- ઈચ્છાપોર હાલ બિલીમોરાના શ્રી અંબેલાલ કુંવરજી નાયક (નિવૃત્ત આચાર્ય)ના ધર્મપત્ની અ.સૌ. શારદાબેનનું ઉ. વ. ૮૬, તા. ૨૦-૦૪-૨૦૧૮.

-  ચક્ષુદાતા
  પોંસરાના શ્રી મંગુભાઈ નાથુભાઈ નાયકના ધર્મપત્ની, શ્રી પ્રતીકભાઈ, સૌ. પારૂલ કૌશલ દેસાઈ તથા સૌ. હેતલ વિકીભાઈ નાયકના માતૃશ્રી સૌ. રશ્મિબેનનું ઉ. વ. ૬૨, તા. ૨૬-૦૪-૨૦૧૮.
-  ચક્ષુદાતા
  કોસમાડી હાલ બેંગલોરના શ્રી જયેશભાઈ, સૌ. રશ્મિ કામાક્ષ દેસાઈ, સૌ. નયના દીપક દેસાઈ, સૌ. ગીતા યશવંત દેસાઈ તથા સૌ. અજય દેસાઈના માતૃશ્રી અને શ્રી નટુભાઈ મણિભાઈ નાયક (ટ્રસ્ટીશ્રી, શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ)ના મોટી બહેન સુશ્રી મધુ(હંસા)બેન નટવરલાલ દેસાઈનું ઉ. વ. ૮૩, તા. ૦૨-૦૫-૨૦૧૮
- ઓંડચ હાલ અડાજણ, સુરતના શ્રી પંકજભાઈ તથા શ્રી ભરતભાઈના પિતાશ્રી રમણલાલ નાથુભાઈ દેસાઈનું ઉ. વ. ૮૪, તા. ૨૧-૦૪-૨૦૧૮.
- ઊંટડી હાલ તિથલ રોડ, વલસાડના શ્રીમતિ મીનાબેનના પતિશ્રી મહાદેવ(બિપિન)ભાઈ ઠાકોરભાઈ દેસાઈનું ઉ. વ. ૭૭, તા. ૨૧-૦૪-૨૦૧૮.
- મરોલી હાલ નવસારીના ગં.સ્વ. વીણાબેન રમેશ(મીઠુ)ભાઈ મહેતાના પુત્ર શ્રી સુહાર્દ (ટિન્કુ)નું ઉ. વ. ૪૦, તા. ૨૨-૦૪-૨૦૧૮ અમેરિકા મુકામે.
- મંદિર હાલ ગણદેવીના શ્રી ઉમેશચંદ્ર તથા શ્રી બિપીનચંદ્રના પિતાશ્રી ઠાકોરભાઈ હરિભાઈ નાયક (નિવૃત્ત ગણદેવી સુગર)નું ઉ. વ. ૮૪, તા. ૨૨-૦૪-૨૦૧૮.
- ઊંટડી હાલ વલસાડના શ્રી વસંતરાય તથા શ્રી નરેન્દ્રભાઈના વચેટબંધુ શ્રી વિનોદરાય બાલુભાઈ દેસાઈનું ઉ. વ. ૮૧, તા. ૨૨-૦૪-૨૦૧૮.
- કસ્બા હાલ અમેરિકાના શ્રી દોલતરાય પ્રેમાભાઈ નાયકનું ઉ. વ, ૮૩, તા. ૨૩-૦૪-૨૦૧૮ અમેરિકા મુકામે.
- ઓભલા હાલ સાયણના શ્રી અશ્વિનભાઈના પિતાશ્રી રણજીત(મનુ)ભાઈ લલ્લુભાઈ દેસાઈનું ઉ. વ. ૮૭, તા. ૨૭-૦૪-૨૦૧૮.
- વકતાણાના શ્રી દિપેશભાઈ તથા શ્રી અખિલેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. લતાબેન નટવરલાલ નાયકનું ઉ. વ. ૫૯, તા. ૨૮-૦૪-૨૦૧૮.
- કરમલા, ઓલપાડ હાલ રાંદેર રોડ, સુરતના ગં.સ્વ. કમુબેન નાથુભાઈ દેસાઈનું ઉ. વ. ૯૩, તા. ૨૮-૦૪-૨૦૧૮.
- ઊંટડી હાલ સુરતના શ્રી ચેતનભાઈના પિતાશ્રી કિરીટભાઈ ઠાકોરભાઈ લાકડાવાળા (દેસાઈ)નું ઉ. વ. ૭૩, તા. ૩૦-૦૪-૨૦૧૮.
- ખરસાડ હાલ નાનપુરા, સુરતના શ્રી પંકજભાઈ તથા શ્રી મિનેષભાઈના માતૃશ્રી ગં.સ્વ. સરલાબેન દોલતરાય દેસાઈનું ઉ. વ. ૮૮, તા. ૦૧-૦૫-૨૦૧૮.

- પોંસરા હાલ નવસારી શ્રી અજીતભાઈ તથા શ્રી શશિકાંતભાઈના પિતાશ્રી ઠાકોરલાલ રણછોડજી નાયકનું ઉ. વ. ૮૬, તા. ૦૭-૦૫-૨૦૧૮.
- છાપરા, નવસારીના શ્રી દશરથભાઈ મગનલાલ દેસાઈનું ઉ. વ. ૭૫, તા. ૦૪-૦૪-૨૦૧૮.
- હાંસાપોર હાલ છાપરા, નવસારીના ગં.સ્વ. હંસાબેન દિનકરરાય દેસાઈનું ઉ. વ. ૮૦, તા. ૦૬-૦૪-૨૦૧૮.
- સ્ટેશન રોડ, નવસારીના અ.સૌ. નલિનીબેન બિપિનચંદ્ર દેસાઈનું ઉ. વ. ૭૮, તા. ૧૦-૦૪-૨૦૧૮.
- છાપરા, નવસારીના શ્રી શિરીષભાઈ મગનલાલ વશીનું ઉ. વ. ૭૫, તા. ૧૧-૦૪-૨૦૧૮.
- તીઘરા રોડ, નવસારીના ગં.સ્વ. હશિલાબેન બળવંતરાય દેસાઈનું ઉ. વ. ૮૪, તા. ૧૫-૦૪-૨૦૧૮.
- છાપરા, નવસારીના શ્રી હર્ષદરાય છગનલાલ નાયકનું ઉ. વ. ૬૬, તા. ૨૦-૦૪-૨૦૧૮.
- ગણદેવી રોડ, નવસારીના શ્રી જીતેન્દ્રભાઈ મગનલાલ દેસાઈનું ઉ. વ. ૭૯, તા. ૨૬-૦૪-૨૦૧૮.
- નવસારીના સદ્ગત શાંતુભાઈ મરોલિયા (પૂર્વ સદસ્ય, શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ)ના ધર્મપત્ની ગં.સ્વ. શારદાબેનનું ઉ. વ. ૯૭, તા. ૨૭-૦૪-૨૦૧૮ અમેરિકા મુકામે.
- વિજલપુર રોડ, નવસારીના શ્રી રતિલાલ ડાહ્યાભાઈ દેસાઈનું ઉ. વ. ૮૯, તા. ૨૮-૦૪-૨૦૧૮.
- કબિલપોર, નવસારીના રંજનબેન રણજીતલાલ નાયકનું ઉ. વ. ૬૯, તા. ૦૧-૦૫-૨૦૧૮.

**સૌને શ્રધ્ધાસુમન......**

# અગત્યની નોંધ

**જય શુકલેશ્વર માસિક માટેના કોઈ પણ સમાચાર જેવા કે જન્મ, યજ્ઞોપવિત, શુભલગ્ન, પ્રકીર્ણ, અવસાન (મૂળ વતન, હાલ કયાં રહો છો, આખુ નામ અટક સાથે ઉંમર, તારીખની વિગતો સંપૂર્ણ હોવી જરૂરી છે.) વગેરે જય શુકલેશ્વરમાં છપાય છે તે મુજબ ફકત અને ફકત A-4 પેપરમાં જ ટાઈપ કરેલ માહિતીને જ સ્થાન આપવામાં આવશે. મિત્રો... પ્રેસની કામગીરીમાં સહયોગ આપવા વિનંતી... જેથી ભૂલો નિવારી શકાય.**

# સંસ્થા સમાચાર

સંકલન - અનાવલ ઓફિસ

## ● ''જય શુકલેશ્વર'' પ્રકાશનનાં નવા આજીવન ગ્રાહકો :

| નંબર | નામ | ગામ | નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૦૩૫૯ | પ્રીતિ ચેતનકુમાર દેસાઈ | બિલીમોરા | ૧૦૩૬૦ | દેવાંગ ભૂપતરાય દેસાઈ | પલસાણા |

## ● ''જય શુકલેશ્વર'' પ્રકાશન નિભાવ ફંડ

| રકમ | નામ | ગામ | ગ્રા.નં. |
|---|---|---|---|
| રૂા. ૧,૦૦૦/- | સુમનભાઈ ગુલાબભાઈ નાયક | સોનવાડી | ૨૪૦૮ |

## ● તબીબી સહાય ફંડ

| | | |
|---|---|---|
| ● ૨૦,૦૦૦/- | નીલાબેન વિક્રમભાઈ દેસાઈ | નવસારી |
| ● ૨૫,૦૦૦/- | દેવાંગકુમાર મોહનલાલ દેસાઈ | જલાલપોર |
| ● ૧૦,૦૦૦/- | નીતાબેન પ્રફુલ્લભાઈ દેસાઈ | અલથાણ, સુરત |
| ● ૮,૦૦૦/- | દોલતરાય રણછોડજી મહેતા | સાલેજ |
| ● ૮,૦૦૦/- | જિશા રોનકભાઈ વશી | બિલીમોરા |
| ● ૫,૦૦૦/- | મણિબેન છગનલાલ નાયક | સુરત |
| ● ૧૦,૦૦૦/- | ઈન્દુબેન ગુલાબભાઈ નાયક | બિલીમોરા |
| ● ૧૨,૦૦૦/- | બિરેનકુમાર શૈલેષભાઈ વશી | દેસાડ, ગણદેવી |
| ● ૧૨,૦૦૦/- | મહેશભાઈ બલ્લુભાઈ નાયક | મોતા |

## ● રૂા. ૧,૦૦૦/- થી વધુ રકમના દાનો સાભાર સ્વીકાર

- ૧૦,૦૦૧/- પુત્રો ભરતભાઈ તથા પંકજભાઈ ઠાકોરભાઈ દેસાઈ વલસાડ તરફથી સ્વ. કૈલાસ(ગુણિયલ)બેન ઠાકોરભાઈ દેસાઈના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે
- ૫૧,૧૧૧/- કેતન મનુભાઈ દેસાઈ મોગરાવાડી હાલ સુરત તરફથી સ્વ. મનુભાઈ નારણજી દેસાઈ અને ગં.સ્વ. શાંતાબેન મનુભાઈ દેસાઈના સ્મરણાર્થે તબીબી સહાય નિધિ અર્થે
- ૫૧,૧૧૧/- જયેશભાઈ મનુભાઈ દેસાઈ મોગરાવાડી હાલ રાજકોટ તરફથી સ્વ. મનુભાઈ નારણજી દેસાઈ અને ગં.સ્વ. શાંતાબેન મનુભાઈ દેસાઈના સ્મરણાર્થે ગરીબ વિદ્યાર્થી શિક્ષણ સહાય નિધિ અર્થે

- ૫૧,૧૧૧/- હેત્વી, જાનવી, પલાશ પૌત્રી/પૌત્ર કછોલી, ઑંડચ, મોગરાવાડી, સુરત તરફથી સ્વ. મનુભાઈ નારણજી દેસાઈ અને ગં.સ્વ. શાંતાબેન મનુભાઈ દેસાઈના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે
- ૧૦,૦૦૧/- અ.સૌ. પૂર્વી દિવ્યેશ દેસાઈ એંધલ હાલ સુરત તરફથી સ્વ. પિતાશ્રી મોંઘાભાઈ નીછાભાઈ નાયક, પોંસરાના સ્મરણાર્થે શિક્ષણ સહાય નિધિ અર્થે
- ૫૧,૦૦૧/- રાકેશ અરવિંદભાઈ નાયક, અમલસાડ હાલ વડોદરા તરફથી સ્વ. અરવિંદભાઈ ગુલાબભાઈ નાયક, અમલસાડ તથા સ્વ. જિતેન્દ્ર લલ્લુભાઈ દેસાઈ, દિહેણના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે
- ૧૧,૦૦૦/- દમયંતિબેન રમણભાઈ દેસાઈ, કનસાડ હાલ નવસારી તરફથી ગં.સ્વ. વિરમતિબેન દોલતભાઈ દેસાઈના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે
- ૨૫,૦૦૦/- દમયંતિબેન રમણભાઈ દેસાઈ, કનસાડ હાલ નવસારી તરફથી ગં.સ્વ. વિરમતિબેન દોલતભાઈ દેસાઈના સ્મરણાર્થે ગરીબ વિદ્યાર્થી સહાય નિધિ અર્થે
- ૧૦,૦૦૦/- રીટેશ સુમંતરાય દેસાઈ, સુરત તરફથી સ્વ. વંદના સુમંતરાય દેસાઈના સ્મરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે
- ૫૫,૫૫૫/- ઉર્વશી પ્રમોદભાઈ ધીરૂભાઈ દેસાઈ એરૂ હાલ સુરત તરફથી સ્વ. ધીરૂભાઈ નાગરજી દેસાઈ તથા સ્વ. સવિતાબેનના સ્મરણાર્થે સંકુલના મકાનોના કલરકામ અર્થે
- ૫૫,૫૫૫/- ઉર્વશી પ્રમોદભાઈ ધીરૂભાઈ દેસાઈ, સુરત તરફથી સ્વ. આજીબા ગંગાબા તથા આજાબાપા સ્વ. મણિભાઈ મકનજી દેસાઈ ખારા અબ્રામા હાલ સુરતના સ્મરણાર્થે સંકુલના મકાનોના કલરકામ અર્થે
- ૧,૦૦૦/- રજનીકાંત બી. દેસાઈ, તલોધ, બિલીમોરા તરફથી તબીબી સહાય નિધિ અર્થે
- ૨,૫૦૧/- કેતનભાઈ રાજેન્દ્રભાઈ દેસાઈ, પીપલધરા તરફથી પૂજન અર્ચન અર્થે
- ૧,૦૦૦/- એક શિવભકત વિજલપુર, નવસારી તરફથી જનરલ ફંડ અર્થે
- ૧,૦૦૧/- મધુરિકા અમૃતભાઈ દેસાઈ, વેસ્મા હાલ સિકંદરાબાદ તરફથી સ્વ. અમૃતલાલ મોહનલાલ દેસાઈના સ્મરણાર્થે જનરલ ફંડ અર્થે
- ૧,૧૧૧/- પ્રમોદભાઈ છોટુભાઈ દેસાઈ, દિહેણ હાલ સુરત તરફથી જનરલ ફંડ અર્થે
- ૧,૦૦૧/- છોટુભાઈ ડાહ્યાભાઈ વશી, છીણમ, નવસારી તરફથી જનરલ ફંડ અર્થે
- ૧,૧૦૦/- ઋશાંગ કિશોરભાઈ દેસાઈ, નવસારી તરફથી સ્વ. કલાવતિબેન ગોપાળજી દેસાઈ, વાવના સ્મરણાર્થે અખંડ દીવા દાન અર્થે
- ૨,૦૦૧/- ગં.સ્વ. સુરેખાબેન ધીરૂભાઈ નાયક, મોતા હાલ બારડોલી તરફથી સ્વ. ધીરૂ(બચુ)ભાઈ નાથુભાઈ નાયકના સ્મરણાર્થે તબીબી સહાય નિધિ અર્થે
- ૧,૦૦૧/- ગં.સ્વ. સુરેખાબેન ધીરૂભાઈ નાયક, મોતા હાલ બારડોલી તરફથી સ્વ. ધીરૂ(બચુ)ભાઈ નાથુભાઈ નાયકના સ્મરણાર્થે અખંડ દીવા દાન અર્થે
- ૧,૦૦૧/- જયોતિબેન જીતેન્દ્રભાઈ દેસાઈ, સુરત તરફથી વિધવા સહાય નિધિ અર્થે
- ૧,૦૦૧/- એક સેવક બાપા સીતારામ, વેગામ હાલ વડોદરા તરફથી જનરલ ફંડ અર્થે

**શ્રી શુકલેશ્વર ધામ અનાવલ – સર્વ રોગ નિદાન કેમ્પ**

શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ દ્વારા તા. ૨૨-૦૪-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં બહોળી સંખ્યામાં આજુબાજુના ગામજનોએ ભાગ લીધો હતો. સહયોગી સંસ્થા : સાર્વજનિક હોસ્પિટલ, ગ્રામ સેવા ટ્રસ્ટ ખારેલના ડૉ. અશ્વિનભાઈ શાહ અને તેમની ટીમે સેવા આપી હતી. રોટરી આઈ હોસ્પિટલના સ્ટાફે પણ સેવા આપી હતી. વોલેન્ટીયર ભાઈઓ-બહેનોએ પણ સેવા આપી હતી. કુલ્લે ૧૫૨ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યુ હતુ. આ સાથે સર્વ નામી અનામી કાર્યકર્તાઓનો પણ આભાર માનવામાં આવ્યો છે.

**શ્રી શુકલેશ્વર ધામે વાડીની કેરીના ફળોની હરાજી**

તા. ૨૩-૦૪-૨૦૧૮ને સોમવારે બપોરે ૨-૦૦ કલાકે શ્રી શુકલેશ્વર ધામ, અનાવલે વાડીની કેરીના ફળોની જાહેર હરાજી રાખવામાં આવી હતી. જેમાં વેપારીઓ હાજર રહ્યા હતા. ટ્રસ્ટીશ્રી પ્રમોદરાય એમ. દેસાઈ તથા ટ્રસ્ટીશ્રી પંકજભાઈ એસ. દેસાઈ, પ્રમુખશ્રી સુમંતરાય એમ. નાયક, ઉપ-પ્રમુખશ્રી હિતેનભાઈ એમ. દેસાઈ, મંત્રીશ્રી જીતેન્દ્રભાઈ ઘી. મહેતા, કારોબારી સદસ્યશ્રી દિલીપભાઈ ઘી. દેસાઈ, શ્રી પંકજભાઈ ઠા. નાયક તથા શ્રી કેતનભાઈ એમ. નાયક હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યવાહી સુપેરે પાર પાડી હતી.

**શ્રી શુકલેશ્વર ધામે સમૂહ યજ્ઞોપવિત સમારોહ**

આપણા ધામે પ્રતિવર્ષ યોજાતો સદ્‌ગત દુર્ગાબેન તથા સદ્‌ગત છોટુભાઈ દયાળજી દેસાઈ-સંદલપુર સમૂહ યજ્ઞોપવિત સમારોહ તા. ૦૬-૦૫-૨૦૧૮ને રવિવારે (વૈશાખ વદ છઠ)ના રોજ આસ્થા, ઉમંગ અને સાદાઈથી શાસ્ત્રોકત વિધિ વિધાન અને વેદરચિત ગાન સાથે સંપન્ન થયો. પૂજય ગાંડા મહારાજ સંસ્કાર ભવનમાં વહેલી સવારથી શરૂ થયેલ આ જનોઈ સંસ્કાર ગ્રહણ સમારોહમાં બટુકો તેમના વડીલો તેમજ સંસ્થાના કાર્યકરોની ચહલપહલથી દિવસ જીવંત રહ્યો. યજમાનશ્રી પંકજભાઈ જોષી-ઘનોરીના આચાર્ય પદે તેમના સાથી ભૂદેવોએ યજ્ઞોપવિત ગ્રહણની તમામ વિધિઓ સુવ્યવસ્થિત આપી હતી. બટુકો અને તેમના વડીલો વગેરે માટે ચા, કોફી, નાસ્તો, ભોજન તથા ફરાળની વ્યવસ્થા કારોબારી સદસ્ય શ્રી પ્રમોદભાઈ એમ. નાયક તથા અન્ય સાથી મિત્રોના સાથ સહકારથી સુપેરે પાર પાડી હતી.

સંસ્થાના ટ્રસ્ટીશ્રી પ્રમોદભાઈ એમ. દેસાઈ, પ્રમુખશ્રી સુમંતરાય એમ. નાયક, મંત્રીશ્રી જીતેન્દ્રભાઈ ઘી. મહેતા, કારોબારી સદસ્યશ્રી દિલીપભાઈ ઘી. દેસાઈ, શ્રી અજીતભાઈ આર. દેસાઈ, શ્રી પ્રમોદભાઈ એમ. નાયક, શ્રી કેતનભાઈ એમ. નાયક, સહમંત્રીશ્રી હિતેશભાઈ બી. નાયક, શ્રી સંદિપભાઈ જી. નાયક, શ્રી અજયભાઈ આર. નાયક, શ્રી હિરેનભાઈ વાય. દેસાઈ તથા શ્રી જયેશભાઈ બી. નાયક હાજર રહ્યા હતા. પ્રમુખશ્રીએ બટુકોને આશીર્વાદ પાઠવ્યા હતા. ૧૫ બટુકોએ યજ્ઞોપવિત સંસ્કાર ગ્રહણ કર્યા. (૧) તીર્થ જયદેવભાઈ દેસાઈ, સુરત (૨) બાદલ મયૂરકુમાર દેસાઈ, જામનગર (૩) મિરાંત જીજ્ઞેશભાઈ દેસાઈ, વડોદરા (૪) રૂદ્ર હિતેનભાઈ જોષી (૫) પ્રિયંક વિકાસભાઈ દેસાઈ, કિલ્લા પારડી (૬) શિવમ્ દર્પણભાઈ દેસાઈ, મુંબઈ (૭) વ્યોમ દર્પણભાઈ દેસાઈ, મુંબઈ (૮) જશ દેવાંગભાઈ દેસાઈ, મુંબઈ (૯) વેદ મનીષભાઈ નાયક, નવસારી (૧૦) નિત્ય દેવેન્દ્રભાઈ નાયક, ઉત્રાણ (૧૧) ઋષિ રાકેશભાઈ નાયક, સચિન (૧૨) આયુષ વિપુલભાઈ નાયક, કતારગામ (૧૩) કુંજ ધર્મેશભાઈ નાયક, ગણદેવી (૧૪) મિત કેતનભાઈ દેસાઈ, કાછબ પારડી (૧૫) માનવ ચેતનભાઈ દેસાઈ, કાછબ પારડી.

કાર્યાલય તેમજ અન્ય સંલગ્ન વ્યવસ્થા મેનેજરશ્રી બિપિનભાઈ દેસાઈ તથા સાથી કર્મચારીઓએ સમારોહને સફળ બનાવ્યો. સર્વેના સાથ સહકારથી પ્રસંગ દીપી ઉઠયો.

## અભિનંદન



### ચિ. માનસી

ગામ સાલેજ હાલ દલાસ, અમેરિકાના રહેવાસી શ્રી રાજેશ હરિભાઈ નાયકની સુપુત્રી ચિ. માનસી નાયકે ફેબ્રુઆરી ૨૦૧૭માં ગવર્નમેન્ટ મડિકલ કોલેજ, ભાવનગરથી એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરી હાલ ઈન્ટર્નશીપ કરી રહી છે. માર્ચ ૨૦૧૭માં ફલોરિડા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાં એક માસની ઈન્ટર્ન તરીકે તાલીમ લીધી છે. જૂન ૨૦૧૮માં ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા જનાર છે. ચિ. માનસીને ઝળહળતી સફળતા મળે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી હાર્દિક શુભકામનાઓ.

**-: શુભેચ્છા સહ:-**

હરિભાઈ અંબેલાલ નાયક (દાદા) પરિવાર
સાલેજ

મનુભાઈ લલ્લુભાઈ દેસાઈ (નાના) પરિવાર
ખડકી ભાગડા

# અભિનંદન



## ચિ. અમી

કોથા હાલ ખારા અબ્રામા, તા. જલાલપોર, જી. નવસારીના શ્રીમતિ જયશ્રીબેન તથા ડૉ. ભદ્રેશભાઈ રમણલાલ નાયકની સુપુત્રી અને રાનકુવા, તા. ચીખલી, જી. નવસારીના શ્રીમતિ પારૂલબેન તથા શ્રી પ્રવીણભાઈ પરાગજી દેસાઈની પુત્રવધૂ અને શ્રી મંથન પ્રવીણભાઈ દેસાઈની પત્ની ચિ. અમી એ સી. જી. ભકતા ઈન્સ્ટિટયૂટ ઓફ બાયોટેકનોલોજી, ઉકા તરસાડિયા યુનિવર્સિટી, બારડોલી બાયોટેકનોલોજી વિષયમાં તૈયાર કરેલ મહાશોધ નિબંધ, "GENETIC EVALUATION & PHYTOPHARMA COLOGY TO LOGICAL ACTIVITY OF COSTUS PICTUS D. DON" ને ઉકા તરસાડિયા યુનિવર્સિટી એ માન્ય રાખી પી.એચ.ડી.ની પડવી એનાયત કરી છે. ચિ. અમીએ આ સંશોધન કાર્ય સી. જી. ભકતા ઈન્સ્ટિટયૂટના ડાયરેકટર પ્રો. ક્રિષ્ણામૂર્તિ અને ઈમામી (ઝંડુ) પ્રા. લિ. વાપીના ડૉ. જે. એમ. પાઠકના સંયુકત માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ છે. તે બદલ સમગ્ર પરિવાર અને સ્નેહીજનો અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. ભવિષ્યમાં પણ સફળતાના સોપાનો સર કરી કુટુંબ અને અનાવિલ સમાજનું ગૌરવ વધારતી રહે એવી હાર્દિક શુભકામનાઓ...

### -: આશીર્વાદ અને શુભેચ્છા સહ :-

| | |
|---|---|
| શ્રી મંથનભાઈ પ્રવીણભાઈ દેસાઈ | ગં. સ્વ. કાંતાબેન રમણલાલ નાયક |
| શ્રી પ્રવીણભાઈ પરાગજીભાઈ દેસાઈ | શ્રી નાનુભાઈ ભીખુભાઈ નાયક |
| શ્રીમતિ પારૂલબેન પ્રવીણભાઈ દેસાઈ | ડૉ. ભદ્રેશભાઈ રમણલાલ નાયક |
| શ્રીમતિ કૃપાબેન દર્શનભાઈ દેસાઈ | શ્રીમતિ જયશ્રીબેન ભદ્રેશભાઈ નાયક |
| શ્રી દર્શનભાઈ અનંતભાઈ દેસાઈ | ડૉ. વિવેક ભદ્રેશભાઈ નાયક |
| શ્રીમતિ વર્ષાબેન ભકતેશભાઈ દેસાઈ | ડૉ. જાનકી વિવેક નાયક |
| શ્રી ભકતેશભાઈ પરાગજી દેસાઈ | ચિ. રાજવી |
| ચિ. ધાની, ચિ. ધૃપલ | સ્વ. ડૉ. રમણલાલ બી. નાયક પરિવાર |

ડૉ. ભદ્રેશભાઈ રમણલાલ નાયક - મો. ૯૮૯૮૧ ૬૦૯૦૧

# વેદમાતા ગાયત્રી જયંતી

યજ્ઞોપવિત ધારણ કરનારા અનાવિલ બ્રહ્મણોએ ગાયત્રી માતાનો જન્મ દિવસ કેક કાપ્યા વગર ભકિતભાવથી ઉજવવો જોઈએ. હરિદ્વાર અને મથુરા ગાયત્રીના મોટા કેન્દ્રો અને એના દ્વારા ચાલતી હજારો શાખાઓમાં આ જન્મ દિવસ જેઠ સુદ દશમ (તા.૨૨-૦૬-૨૦૧૮ શુક્રવાર) ના દિવસે ઉજવવામાં આવે છે. જયારે બાકીના પંચાંગ અને કેલેન્ડરોમાં અગીયારસના દિવસે બતાવવામાં આવે છે.

એક કુંવારી વ્યકિત કાયમી છ તારની જનોઈ પહેરતી હતી મારી પાસે માગી ત્યારે મેં એને ત્રણ તારની આપી કારણ કુંવારી વ્યકિત એ ત્રણ તારની પહેરવાની હોય છે.

શાંતિ મેળવવા અને મુશ્કેલીઓ દૂર કરવા ભગવાનની ભકિત કરવાની હોય છે. તમારા ઘરમાં જે ઈષ્ટદેવની ભકિત થતી હોય તેમની કરવી વધારેમાં પાવરફુલ મંત્ર ગાયત્રી મહામંત્રના જપ જનોઈ પહેરીને કરવા સારા.

સત્યુગમાં કૈકેયી, મંથરા, શૂર્પણખા અને રાવણ જેવા થઈ ગયેલા, રાવણ ઘણા જ્ઞાની હતા, પરંતુ અહંમતાને કારણુ નાશ થયેલો.

ત્રેતા યુગમાં સત્યવાદી હરિચન્દ્ર અને તારામતિને ઘણા કષ્ટોસહન કરવા પડેલા.

દ્વાપરયુગમાં દુર્યોધન, જરાસંઘ, કાલયવન, સત્રાજીત અને કાબા લૂંટારા થઈ ગયેલા કંસ જેવી દુરાચારી વ્યકિત થઈ ગયેલી દ્રોપદીને આવેલ મુશ્કેલી ભગવાને દૂર કરેલી.

રામચંદ્ર ભગવાન અને કૃષ્ણ ભગવાન ઉપર ઘણી મુશ્કેલીઓ આવેલી.

જયારે અત્યારે હળહળતો કળયુગ ચાલે જેની તો વાત જ શી કરવાની.

મહર્ષિપિપ્પલાદ આ બધુ જોતા અને જાણતા હતા. એમના જેવા ઘણા ઋષિમુનીઓ સાથે ચર્ચા વિચારણા કરીને એક તારણ પર આવેલા કે બધામાંથી મનુષ્યોને "ગાયત્રી" જ બચાવી શકે એમ છે. એટલે કે યજ્ઞોપવિત ધારણ કરનાર તમામ વ્યકિતઓ માટે ગાયત્રી મહામંત્રની સાધના શ્રેષ્ઠ છે. માનસિક શાંતિ માટે પણ ઘણો અગત્યનો મંત્ર છે. મહામંત્ર ગાયત્રીની ઉપયોગીતા અને સાધના માટે ઘણા પુસ્તકો ગાયત્રી શકિત પાઠોમાં અડધી કિંમતે મળતા આવેલ છે. જરૂર જેટલો ખાસ કરીને યુવાન ભાઈ-બહેનોએ ખાસ ઉપયોગ કરવો જોઈએ જેમાં પણ કુંવારી વ્યકિતઓ જીવન સાથીની પસંદી કરવા શાંતિ મેળવા ગાયત્રી મંત્રના જપ ખાસ કરવા જેથી ભવિષ્યમાં મુશ્કેલી ન આવે.

પિતૃદોષ લાગતો હોય એવું માનવામાં આવતું નથી. જેઓ આપણને ઘણું આપી ગયેલા છે. એમને વૃધ્ધાશ્રમમાં મૂકી આવીએ તો કરેલા કર્મોના ફળ ભોગવવા પડે. આપણે એમને મુકી આવીશું તો કદાચ આપણો પરિવાર પણ આપણને વૃધ્ધાશ્રમમાં મુકી આવશે.

મારી જાણકારીથી એક બાબત જણાવું ભુવનેશ્વરી પીઠ ગોંડલ ભેંટ રકમ મોકલવી હોય તો નજીકની એચ.ડી.એફ.સી. બેંક ૦૫૫૦૧૪૫૦૦૦૦૦૨૯ નંબરના ખાતામાં જમાં કરાવી બેંક તરફથી મળેલ કાઉન્ટર (અડધિયું) આપના સરનામા અને શાને માટે ભેટ મોકલ્યા તે જણાવી ગોંડલ મોકલશો. ગુજરાતમાં પ્રોફેશનલ કુરિયર મારફત રૂા ૧૦/-માં જશે.

નરેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ
ખરોલી ગાયત્રી પરિવાર શાખા

# શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ, નવસારી

(ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૫૨૫-વલસાડ)

**શ્રી રતનજી દુર્લભભાઈ પટેલ અનાવિલ સંસ્કાર ભવન**

**'સ્વપ્નલોક', કાલીયાવાડી પૂલ પાસે, નવસારી.**

**PHONE: 99248 91872, 02637-254034**

www.anavilsanskartrust.org anavilsanskartrust@gmail.com

## શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ ની પ્રવૃતિઓ

- અનાવિલ મહિલા ગૃહ ઉદ્યોગ
- અનાવિલ અતિથિ ગૃહ
- અનાવિલ ઉદ્યોગ વિકાસ
- રાહતદરે સેમીનાર હોલ અને કોન્ફરન્સ હોલ
- અનાવિલ વિધવા સહાય
- અનાવિલ તબીબી સહાય
- અનાવિલ મેળો – વાનગી મેળો
- અનાવિલ ગરબા સ્પર્ધા, ભજન સ્પર્ધા, લગ્નગીત સ્પર્ધા, ખાયણા સ્પર્ધા, અંતાક્ષરી સ્પર્ધા
- અનાવિલ મહિલા સહાયક શિક્ષણ
  કુકીંગ ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ, સ્પોકન ઈંગ્લીશ ક્લાસ
- અનાવિલ બાળ વિકાસ પ્રવૃતિઓ
  બાળ વાર્તા, દાદીમાં ની વાર્તા, કહેવત વિશ્વ, વકતૃત્વ, ક્વીઝ, લીડરશીપ કેમ્પ, ચિત્રકામ, મહેંદી, ફેન્સી ડ્રેસ, અલુણા સ્પર્ધા, બાળ રમતો
- સાદાઈ થી લગ્ન અને બેસણા માટે વિનામૂલ્યે હોલ

### હોદેદારો

શ્રી મહાદેવભાઈ આર. દેસાઈ - પ્રમુખ
શ્રી હાર્દિક આર. નાયક - મંત્રી
શ્રી ગીરીશભાઈ એચ. દેસાઈ - ઉપપ્રમુખ
શ્રી પ્રકાશભાઈ આઈ. દેસાઈ - સહમંત્રી
શ્રીમતિ ગીતાબેન એન. નાયક - કોષાધ્યક્ષ

### સૌજન્ય દાતાશ્રીઓ

શ્રી ધીરુભાઈ ગુલાબભાઇ મહેતા - અતિથિ ભવન
શ્રી ડો. રતિલાલ ગોપાળજી દેસાઈ - સભાગૃહ
શ્રીમતિ લીલાવતીબેન અને શ્રી છોટુભાઈ ભીમભાઇ દેસાઈ - શૈક્ષણિક પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ બટુબેન અને શ્રી જસવંતરાય હરરાય દેસાઈ - મહિલા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રી અજિતરાય ભીમભાઇ દેસાઈ - યુવા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ રમણકાન્તાબેન અજિતરાય દેસાઈ - બાલ પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ ઇચ્છાબેન ભગવાનજી વશી - તબીબી સહાય કેન્દ્ર
શ્રી રમેશચંદ્ર ભીખુભાઈ દેસાઈ (દાંડીવાલા) - ભોજનખંડ
શ્રી બી. એન. દેસાઈ (દાંડીવાલા) - સેમિનાર હોલ

